RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 271* Date: 28.07.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કુલ ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૧૪,૩૫,૪૫૩ પર પહોંચી

# કોરોના મહાસંકટ: સતત ત્રીજા દિવસે ૫૦,૦૦૦ની નજીક કેસ નોંધાયા

**દેશમાં અત્યાર સુધી ૩૨,૭૭૧ લોકોએ કોરોનાના કારણે ગુમાવ્યો જીવ,૮.૮૫ લાખથી વધુ સંક્રમિતો કોરોનાને માત આપવામાં સફળ**



*ન્યુ દિલ્હી,તા.૨૭*

અનલોક-૩માં સિનેમા-જીમ વગેરે.ને ખોલવાની સંભાવના વચ્ચે અનલોક-૨ના ૨૬મા દિવસે કોરોના કેસોમાં કોઇ ઘટાડો થવાને બદલે ફરીથી ૫૦ હજારની નજીક કેસો સામે આવ્યાં છે. આજે સામવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના એટલે કે રવિવારના આંકડા જાહેર કરાયા ત્યારે કોરોનાના ૪૯,૯૩૧ કેસ નોંધાતા કુલ કેસ ૧૪ લાકને પાર કરીને ૧૪,૩૫,૪૫૩ થઈ ગયા છે. આ જ સમય ગાળામાં વધુ ૭૦૮ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ મૃત્યુઆંક વધીને ૩૨૭૭૧ સુધી પહોંચી ગયો છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૩૧,૫૦૨ દર્દીઓ સાજા થયા હતા. અ સાજા થનાર લોકોની સંખ્યા ૯,૧૮,૭૩૫ પર પહોંચી છે. વધુ કેસોની સંખ્યામાં હવે કર્ણાટકને પાછળ છોડીને આંધ્રપ્રદેશ આ યાદીમાં ચોથા સ્થાન પર પહોંચી ગયું છે. મહારાષ્ટ્ર હજુ પણ સૌથી આગળ છે. ૧ ઓગસ્ટથી અનલોક-૩ હેઠળ વધુ છૂટછાટ મળવાની શક્યતા છે. જેમાં સિનેમા થીયેટરોને તથા જીમને ખોલવાની મંજૂરી મળી શકે તેમ છે.

અન્ય દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો હુમલો ચારેબાજુથી થઇ રહ્યો હોય સતત ત્રીજા દિવસે ૫૦૦૦૦ની નજીક નવા કેસ નોંધાયા છે. આ સાથે જ કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૧૪ લાખને પાર થઇ ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૪૯૯૩૧ કેસ નોંધાતા કુલ કેસ ૧૪૩૫૪૫૩ થઈ ગયા છે.

જોકે, એક રાહત સમાન બાબતમાં ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૧૯૯૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૯૧૭૫૬૮ સુધી પહોંચી ગયો છે જે કોરોના સક્રિય કેસ કરતા વધારે થઈ ગઈ છે. સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૪૮૫૧૧૪ સક્રિય કેસ છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૩૭૫૭૯૯ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે જ્યારે ૧૩૬૫૬ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૨૧૩૭૨૩ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૩૪૯૪ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૩૦૬૦૬ કેસ નોંધાયા છે જ્યારે ૩૮૨૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. કર્ણાટકને પાછળ છોડીને આંધ્રપ્રદેશસૌથી વધુ કેસોની યાદીમાં ચોથા સ્થાન પર પહોંચી ગયું છે. આંધ્ર પ્રદેશમાં એક જ દિવસમાં ૬૨૯૮ કેસ નોંધાયા છે જ્યારે ૧૦૪૧ લોકો મોતને ભેટ્યા છે. ત્યારબાદ પાંચમાં સ્થાન પર કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૯૬૧૪૧ કેસ નોંધાયા છે જ્યારે ૧૮૭૮ લોકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશ ૬૬૯૮૮ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે જ્યારે ૫૮૭૧૮ કેસ સાથે પશ્ચિમ બંગાળ સાતમાં ક્રમાંક પર છે. ગુજરાત આઠમાં ક્રમ પર છે જ્યાં ૫૫૮૨૪ લોકો સંક્રમણમાં આવ્યા છે ત્માંથી ૨૩૨૬ લોકો મોતને ભેટી ચૂક્યા છે. દેશમાં સતત ૫ દિવસથી ૪૫ હજારથી વધુ નવા કેસ આવી રહ્યા છે. સતત ચોથા દિવસે ૪૮ હજારથી વધુ કેસ વધ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૪૮ હજાર ૯૩૧ કેસ સામે આવ્યા. આ સાથે જ સંક્રમિતોની સંખ્યા હવે ૧૪ લાખ ૩૬ હજાર ૧૮ થઈ ગઈ છે.

### સરકારે વધુ ૨૭૫ ચાઈનીઝ એપ્સનું લિસ્ટ બનાવ્યું,પબજી પણ સામેલ

# ચીન પર ભારતનો બીજો ડિજિટલ પ્રહાર: વધુ ૪૭ એપ્સ પર પ્રતિબંધ




*ન્યુ દિલ્હી,તા.૨૭*

૫૯ ચીની એપ્સ પર પ્રતિબંધ મૂક્યા પછી, ભારત સરકારે ૪૭ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. જેનાથી ભારતે ચીન પર બીજી ડિજિટલ સ્ટ્રાઈક કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તમામ ૪૭ એપ્લિકેશન્સ અગાઉ પ્રતિબંધિત એપ્લિકેશનોની ક્લોન્સ છે. જોકે આ ૪૭ પ્રતિબંધિત એપ્લિકેશન્સના નામ હજી બહાર આવ્યા નથી. ત્યારે, સરકાર દ્વારા આ એપ્સ પર પ્રતિબંધ અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

આવી સ્થિતિમાં ભારત સરકાર દ્વારા ભારતમાં કુલ ૧૦૬ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એવા પણ અહેવાલ છે કે સરકારે ૨૭૫ ચાઈનીઝ મોબાઈલ એપ્સની સૂચિ તૈયાર કરી છે, જેના પર આવતા સમયમાં પ્રતિબંધ લગાવી શકાય છે. આ સૂચિમાં પબજી અને જીલી જેવી એપ્લિકેશનો શામેલ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, સરકાર આ મોબાઈલ એપ્સની તપાસ કરશે અને તપાસ કરશે કે શું તેઓ ગોપનીયતાના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આ ઉપરાંત ઘણી ચીની ઈન્ટરનેટ કંપનીઓ પર પણ પ્રતિબંધ લગાવી શકાય છે.

અહેવાલ મુજબ, ભારત સરકારે ૨૭૫ ચાઈનીઝ મોબાઈલ એપ્સની સૂચિ તૈયાર કરી છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે. આમાં પબજી ગેમ, જિલી, કેપકટ, ફેસયુ, મીતુ, એલબીઈ ટેક, પરફેક્ટ કોર્પ, સીના કોર્પ, નેટીઝ ગેમ્સ, અલીએક્સપ્રેસ, રેસો અને યુલીક જેવી એપ્લિકેશનો શામેલ છે.

**સરહદે તણાવ બાદ ભારતે અત્યાર સુધી ચીનની ૧૦૬ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો**

આ ઘટનાક્રમ સાથે જોડાયેલા એક અધિકૃત સૂત્રએ જણાવ્યું કે, ચીનની એપ્સનું સતત રિવ્યૂ કરવામાં આવી રહ્યું છે અને એવું પણ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે તેમને ફન્ડિંગ ક્યાંથી થઈ રહ્યું છે. અધિકારી મુજબ, એવું જાણવા મળ્યું છે કે કેટલીક એપ્સ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરનાક છે. સાથોસાથ કેટલીક એપ્સ શૅરિંગ અને પ્રાઇવસીના નિયમોનું ઉલ્લંઘન કરી રહી છે.

લદ્દાખની ગલવાન વેલીમાં ભારત-ચીન જવાનો વચ્ચે હિંસક ઝપાઝપી બાદ ભારતીયોમાં ચીન સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. દેશમાં ચીન સામેનો વિરોધ તેજ થઈ ગયો છે અને તેવામાં ચીનની વધુ એપ પર પ્રતિબંધનો ક્યાસ લગાવવામાં આવી રહ્યો છે.

બીજો મામલો એ પણ છે કે ચીની કંપની યુસી વેબ પર ભારત વિરુદ્ધ સમાચાર ચલાવવાનો આરોપ મૂકાયો છે. પૂર્વ એસોસિયેટ ડિરેક્ટરે ચીનના અલીબાબા જૂથની કંપની યુસી વેબની સામે ગુડગાંવ કોર્ટમાં અરજી કરી છે. એવો આક્ષેપ કરવામાં આવે છે કે જ્યારે તેણે વેબસાઈટ પર ચાલતા ફેક ન્યૂઝનો વિરોધ કર્યો ત્યારે કંપનીએ તેને નોકરીથી કાઢી મૂક્યો. આ અરજીની નોંધ લેતાં સિવિલ જજ જુનિયર ડિવિઝન સોનિયા શ્યોકંદની અદાલતે અલીબાબા અને સ્થાપક જેક માને નોટિસ ફટકારી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા: ૧૦૫૨**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૫૬૮૭૪**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૨૨**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા : ૧૦૧૫**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૪૧૩૮૦**

### ૭૩૬૪ કિમીનું અંતર કાપશે, અબુધાબીના એરબેઝ પર બ્રેક લેશે રાફેલ

# ફ્રાંસથી ૫ રાફેલ વિમાન ભારત આવવા રવાના: બુધવારે અંબાલા પહોંચશે

*ન્યુ દિલ્હી,તા.૨૭*

અત્યાધુનિક મિસાઇલો અને ઘાતક બોમ્બથી લેસ ભારતીય વાયુસેનાના સૌથી ઘાતક ફાઇટર જેટ રાફેલ આજે ફ્રાન્સથી ભારત માટે રવાના થઇ ગયા. કહેવાય છે કે કુલ ૫ રાફેલ ભારત માટે રવાના થયા છે. ચીન અને પાકિસ્તાનની સાથે ચાલી રહેલા તણાવની વચ્ચે આ ફાઇટર જેટ ભારત માટે રવાના થયા તે ખૂબ જ અગત્યનું મનાય છે. રાફેલ વિમાનો રવાના થતા પહેલાં ફ્રાન્સમાં ભારતીય દૂતાવાસે આ રાફેલ વિમાનો અને ઇન્ડિયન એરફોર્સના જાબાંજ પાયલટોની તસવીર પણ શેર કરી છે.

આ વિમાન ૨૯મી જુલાઇના રોજ અંબાલામાં એરફોર્સમાં સામેલ કરાશે. સૂત્રોના મતે એક સપ્તાહની અંદર જ આ વિમાનોને કોઇપણ મિશન માટે તૈયાર કરી લેવાશે. આ ફાઇટર જેટને ઉડાડવા માટે કુલ ૧૨ પાયલટોને ટ્રેનિંગ અપાઇ છે. દુનિયાના સૌથી ઘાતક મિસાઇલો અને સેમી સ્ટીલ્થ ટેકનોલોજીથી લેસ આ વિમાનોને ભારતીય વાયુસેનામાં સામેલ થવાથી દેશની સામરિક શક્તિમાં જબરદસ્ત વધારો થશે. ભારત આવનાર રાફેલ ફાઇટર જેટસમાં દુનિયાની સૌથી આધુનિક હવાથી હવામાં માર કરનારી મીટિઆર મિસાઇલ પણ જોડાયેલી હશે.

રાફેલ જેટ ફ્રાન્સના મેરિજનાકથી ભારત ઉડીને આવશે. ભારતીય વાયુસેનાએ તેના માટે પૂરી યોજના તૈયાર કરી લીધું છે, કારણ કે રસ્તામાં આ ફાઇટર જેટ કેટલાંય દેશોની સરહદોને પાર કરીને ભારતના જામનગર પહોંચશે. રાફેલ વિમાન ફ્રાન્સથી ભારત સુધીની સફર પૂરી કરવા દરમ્યાન લગભગ ૧૦૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી ઉડાન ભરશે. જો કે રાફેલની વધુમાં વધુ સ્પીડ ૨૨૨૨ કિલોમીટર પ્રતિ કલાકની છે. આ ભારતીય રાફેલ વિમાન ફ્રાન્સથી ઉડીને અબુધાબીના અલ ધાફરામાં આવેલા એરબેઝ પર ઉતરશે. અંદાજે ૧૦ કલાકની આ યાત્રા દરમ્યાન હવામાં તેલ ભરવા માટે બે વિમાન તેમની સાથે રહેશે. આ વિમાન રાત્રે થોભ્યા બાદ ફરીથી ભારત માટે રવાના થશે. આ યાત્રા દરમ્યાન બે વખત હવામાં તેલ ભરાશે. પાયલટોને હવામાં તેલ ભરવાની ટ્રેનિંગ પણ અપાશે. ભારતમાં પહોંચ્યા બાદ આ વિમાન અંબાલા એરફોર્સ સ્ટેશન પહોંચશે. રાફેલના પહેલાં બેડાને ૧૭ ગોલ્ડન એરો સ્ક્વાડ્રનના પાયલટ ઉડાડશે. તેમની ટ્રેનિંગ પણ ફ્રાન્સમાં પૂરી થઇ ચૂકી છે.

### છૂટક મોંઘવારીમાં વધારો

# કોરોના મહાસંકટ : આરબીઆઇ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરે તેવી શક્યતા

*ન્યુ દિલ્હી,તા.૨૭*

કોરોના સંકટ સામે ઝઝુમી રહેલા અર્થતંત્રને બચાવવા માટે ભારતીય રિઝર્વ બેંક ફરી એક વખત વ્યાજ દરોમાં કાપ મુકી શકે છે. એક અહેવાલ પ્રમાણે આગામી નાણાંકીય નીતિ સમીક્ષા દરમિયાન આરબીઆઈ પ્રમુખ નીતિગત દર રેપોમાં ૦.૨૫ ટકાનો વધારાનો કાપ મુકી શકે છે.

ઉલ્લેખનીય છે કે આગામી ૪ ઓગષ્ટથી આરબીઆઈના ગવર્નરની અધ્યક્ષતામાં નાણાંકીય નીતિ સમિતિ (એમપીસી)ની ત્રણ દિવસ ચાલનારી બેઠક શરૂ થશે અને ૬ ઓગષ્ટના રોજ આ અંગેની જાહેરાત કરવામાં આવશે.

રિઝર્વ બેંક કોવિડ-૧૯ મહામારીના પ્રકોપથી અર્થતંત્રને થનારા નુકસાન અને લોકડાઉનની અસર સીમિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે. અગાઉ પણ માર્ચ અને મે મહીનામાં એમપીસીની બેઠક યોજાઈ ચુકી છે જેમાં નીતિગત રેપો દરોમાં કુલ ૧.૧૫ ટકા કાપ મુકવામાં આવ્યો.

ખાદ્ય વસ્તુઓ અને ખાસ કરીને માંસ, માછલી, અનાજ અને દાળોની કિંમતોમાં હાલમાં જે તેજી આવી તેના કારણે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારીત છૂટક મોંઘવારી જૂન મહીનામાં વધીને ૬.૦૯ થઈ ગઈ છે. રિઝર્વ બેંકે પોતે જ કીધેલું છે કે મોંઘવારીનું સુવિધાજનક સ્તર ૪ ટકા (તેમાં ૨ ટકા વધ ઘટ થઈ શકે) જ છે. મતલબ કે હવે મોંઘવારી રિઝર્વ બેંકની સુવિધાજનક શ્રેણીમાંથી બહાર પહોંચી છે.

ઈક્રાના પ્રિન્સિપલ ઈકોનોમિસ્ટ અદિતિ નાયરે જણાવ્યું કે, 'અમે રેપો દરમાં ૦.૨૫ ટકા અને રિવર્સ રેપો દરમાં ૦.૩૫ ટકા કાપની અપેક્ષા રાખીએ છીએ.'

નાયરે કહ્યું કે, 'છૂટક મોંઘવારી એમપીસીના લક્ષ્ય ૨-૬ ટકાની શ્રેણીને પાર કરી ગઈ છે પરંતુ તે ઓગષ્ટ ૨૦૨૦ સુધીમાં ફરી તે સીમાની અંદર આવી જશે તેવી આશા છે.

આ જ પ્રકારનો મત વ્યક્ત કરતા યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના વહીવટી સંચાલક અને સીઈઓ રાજકિરણ રાયે જણાવ્યું કે, '૦.૨૫ ટકા કાપની સંભાવના છે અથવા તે દરને યથાવત રાખી શકે છે.

### હાલ સુનાવણીની જરૂર નથી: જોશીના વકિલ સિબ્બલની દલીલ

# રાજસ્થાન સંકટ : સ્પીકરનો યુ ટર્ન, સુપ્રીમ કોર્ટમાંથી અરજી પાછી ખેંચી

*ન્યુ દિલ્હી/જયપુર,તા.૨૭*

રાજસ્થાન સરકારના રાજકીય સંકટમાં સત્તાપક્ષ કોંગ્રેસની લડાઈ કોર્ટ અને રાજભવન સુધી પહોંચી છે. તો રાજ્યપાલ કલરાજ મિશ્રાએ વિધાનસભાનું સત્ર બોલાવવાના ગેહલોત સરકારની નવેસરની લેખિત માંગણીનો આજે ફરી અસ્વીકાર કર્યો છે. બીજી તરફ આજે સોમવારે સ્પીકર સીપી જોશીએ ધારાસભ્યોની અયોગ્યતાની નોટિસના મામલામાં સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલી પોતાની રીટ અરજીને પરત લઈ ખેંચી લીધી છે. તેમના વકીલ અને કોંગ્રેસના અગ્રણી કપિલ સિબ્બલે એવી દલીલ કરી હતી કે આ મામલામાં હાલ સુનાવણીની જરૂર નથી. જરૂર જણાશે ત્યારે અમે બીજી વખત તૈયારી સાથે આવીશું. પાયલટ ગ્રુપની અરજી પર હાઈકોર્ટના ચુકાદા પછી સ્પીકરે કોર્ટમાં અપીલ કરી હતી.

આ દરમિયાન સૂત્રોના હવાલાથી અહેવાલ છે કે, રાજ્યપાલે વિધાનસભાનું સત્ર બોલાવવાની ફાઈલ સંસદીય મામલાના વિભાગોને પરત મોકલી છે. રાજભવને સરકાર પાસે બીજી કેટલીક વિગતો માંગી છે.

જ્યારે રાજસ્થાન હાઈકોર્ટ ભાજપના ધારાસભ્ય મદન દિલાવરની અરજી પર સુનાવણી કરશે, જેમાં તેમણે બસપાના છ ધારાસભ્યોના કોંગ્રેસમાં મર્જરની વિરુદ્ધ સ્પીકર સમક્ષ દાખલ થયેલી તેમની અરજી પર કોઈ કાર્યવાહી ન થવાની વાતને કોર્ટમાં પડકારી છે. દિલાવરની અરજી પર સોમવારે હાઈકોર્ટના જસ્ટિસ મહેન્દ્ર ગોયલ સુનાવણી કરશે. તેમાં વિધાનસભા સ્પીકર, સેક્રેટરી સહિત બસપાના છ ધારાસભ્યોને પણ પક્ષકાર બનાવવામાં આવ્યા છે. દિલાવરના વકીલ આશીષ શર્માએ જણાવ્યું કે અરજદારે સ્પીકરને ચાર મહિના પહેલા માર્ચ ૨૦૨૦માં બસપના ધારાસભ્ય લખન સિંહ(કરૌલી), રાજેન્દ્ર સિંહ ગુઢા(ઉદયપુરવાટી), દીપચંદ્ર ખેડિયા(કિશનગઢ બાસ), જોગેન્દર સિંહ અવાના(નદબઈ), સંદીપ કુમાર(તિજારા) અને વાજિબ અલી(નગર ભરતપુર)ના કોંગ્રેસમાં મર્જર બાબતે સ્પીકરને ફરીયાદ કરી હતી.

## તંત્રી સ્થાનેથી...

# રાજકીય ક્ષેત્રે પ્રજાહિતના મુદ્દા ગુમ.... લોકશાહી જોખમમાં છે કે શું.....?!

દેશ અત્યારે ચારે તરફથી મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે ઘેરાયેલો છે. એક મુશ્કેલી નાથવા જાય ત્યાં બીજી મુશ્કેલી આવી પડે....બંને તરફ સરકાર નજર દોડાવે અને મુસીબતોને નાથવા સંકલિત તંત્ર દોડતું થાય ત્યાં ત્રીજી મુશ્કેલી ઊભી થઈ જાય છે. કેટલાક પ્રચાર માધ્યમો લોકોમાં વધુ ડર અને ભર પેદા કરે તે રીતે કોરોના વાયરસ બાબતના સમાચારો પ્રસિદ્ધ કરતા રહે છે અને તે પણ વારંવાર. તો કેટલાક દિમાગ વગરના અથવા દિમાગ ગીરવે મુકેલા લોકો પ્રજાને ગેરમાર્ગે દોરે એવા વિડીયો વાયરલ કરી પ્રજામાં ભય ઊભો કરવામાં પાછું વળીને જોતા નથી. તો કેટલાક નેતાઓ એવી પાયા વગરની બેબુનિયાદ જાહેરમા વાતો કરે છે ત્યારે સમજદાર જાગૃત લોકો નેતાઓની ભરપૂર ઠેકડી ઉડાવે છે તો અનેક સોશ્યલ મીડિયા ઉપયોગ કરનારા નેતાઓની ખેંચવામાં કાંઈ બાકી રાખતા નથી....! ત્યારે હવે દેશની આમ પ્રજા પણ જાગ્રત થઈ ગઈ છે અને તેનો યશ ભાજપા આઈ ટી સેલને ફાળે જાય છે.... તેમ કહેવામા આવે તો ખોટું નથી.દેશની પ્રજાને જાગ્રત કરવામાં ભાજપા આઈ ટી સેલ અનેકવાર વિચાર્યા વગર આડેધડ કેટલીક બાબતો વાઈરલ કરતા તેના ઘેરા પ્રત્યાઘાતો આમ પ્રજામાં પડતા રહે છે તેથી વધુ પ્રજા જાગૃત થઈ ગઈ છે. નોટ બંધીએ દેશના મોટાભાગના નાના મોટા ઉદ્યોગ, વેપાર ધંધાને મુર્છીત અવસ્થામાં મૂકી દીધા હતા તો ખાનગી રીતે બચત કરતી ગૃહિણીઓની હાલત કફોડી કરી નાખી છે....! ત્યારબાદ આવ્યો કોરોના વાયરસ આ કોરોનાએ ભારત સહિત વિશ્વ ભરમાં માનવ સહિત દરેક ક્ષેત્રોમા ખાનાખરાબી સર્જી નાખી છે. ત્યારે સરકારે ઉદ્યોગ-ધંધા,વેપાર,રોજગાર કરવાની છૂટ તો આપી પરંતુ શ્રમજીવીઓ, રોજમદારોના અભાવે અનેક બંધ હાલતમાં છે કે ઉત્પાદન પણ ઓછું છે... બીજી તરફ મોંઘવારીએ માઝા મૂકી છે. અનેકોએ નોકરી, રોજગારી ગુમાવવી પડી છે. સરકારી આર્થિક સહાય સામાન્ય જમીની સ્તરના લોકોને મળી જ નથી. પરિણામે માર્કેટ ખુલ્યા છે ખરા પરંતુ ખરીદનારા જ નથી.....!? તો સરકારને પણ આવક ક્યાંથી થાય....?અને સરકાર પણ આર્થિક ભીંસ અનુભવી રહી છે... પરંતુ સત્તા પર બિરાજમાનોએ માનવીય સંવેદના ગુમાવી દીધી હોય તેવી સ્થિતિ ઉદ્ભવી છે.....જો કે શબ્દોથી જાળવે છે તેનો અર્થ શો.....? ઉપરાંત દેશને ધમધમતો કરવા અબજો રૂપિયાની જરૂર પડે તેમ છે. વિદેશથી કે વિશ્વ બેંકથી લોન લેવી પડે..... પરંતુ એ પણ હવે લોન આપવા પાછી પડી રહી છે....!! ત્યારે સરકારે પોતાના સભ્યોના તમામ અપાતા વ્યવહારો, લાભાલાભ બંધ કરી દેવા સાથે જમીની સ્તરે કૃષિક્ષેત્ર, શ્રમજીવી વર્ગ, ખેડૂત વર્ગ, મધ્યમ વર્ગ, અને કૃષિ સંલગ્ન બજારો, કારખાના વગેરેને સીધે સીધી આર્થિક સહાય આપવાથી દેશની ખાનાખરાબી અટકશે અને દેશની આર્થિક ગાડી પાટા પર ચડવા લાગશે......! પરંતુ સરકાર આર્થિક સહાય કરશે ખરી.....? તે મોટો સવાલ છે.....!?

કોરોના મહામારી વચ્ચે દેશમાં રાજકીય ક્ષેત્રે સત્તા પડાવી લેવા માટેના દાવપેચ ચાલી રહ્યા છે... અને એ દાવ એવી રીતે ખેલાઈ રહ્યા છે કે.....જાગૃત લોકોને લાગે છે કે લોકશાહીના ધજીયા ઊડી રહ્યા છે....! જે પ્રકારે સત્તા પ્રાપ્તિ માટેની તમામ શેહ,શરમ અને બંધારણીય મર્યાદા હાંસિયામાં ધકેલી દેવામાં આવી રહી છે. તે જોઈને લોકો ભારે આક્રોશમાં છે.....! ત્યારે ભાજપામાં લોકશાહીમાં માનવાવાળા રાજસ્થાન ભાજપાના ધારાસભ્યો કૈલાસ મેઘાલય કહે છે કે ચૂંટાયેલી સરકારને પાડી દેવી યોગ્ય નથી. અત્યારે દેશમાં અગત્યના પ્રજાકિય મુદ્દાઓ છે રોજગાર, કાળું નાણું, સારું અને નહીવત ફી નું તમામ સુવિધાઓ સાથેનું શિક્ષણ અને સારી યુનિવર્સિટી, મોંઘવારી, આરોગ્ય સુવિધા ઉપરાંત કોમન મેનની આર્થિક સહાય...... પરંતુ આવા જરૂરી પ્રજાકિય મુદ્દાઓ ખૂણામાં ધકેલી દઈને વિરોધ પક્ષો તથા કોંગ્રેસ પક્ષ પર ખોટા આક્ષેપો કર્યા કરે છે તથા લોકોને મદદ કરવાથી વિપક્ષો દૂર રહેછે, નેહરુ અને કોંગ્રેસે આવું કર્યું હોત તો, કોંગ્રેસ ખતમ તો ગરીબી ખતમ, મોદીજી છે તો વારા ફરતી બધાનો હિસાબ કરશે.... આવા મુદ્દાઓ શુ પ્રજાકિય મુદ્દાઓ છે.....? આવી ચર્ચાઓ અને સવાલો રાજકીય ક્ષેત્રે, શિક્ષિત ક્ષેત્રે અને બહુમત પ્રજામાં ચાલી રહ્યા છે.....!? તો ભાજપા સરકાર જે રીતે પ્રજાના પૈસે ઉભા કરેલ જાહેર સાહસો વેચવાની શરૂઆત કરી છે તેને અનુસંધાને સમજદાર લોકો અને વૃધ્ધ લોકો કહે છે કે અત્યારે સરકારને દેશ ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે તો જરા વિચારો જ્યારે દેશ આઝાદ થયો ત્યારે દેશમાં એક નાની એવી હોય પણ બનતી ન હતી ત્યારે કોંગ્રેસ સરકારે કેટલી મહેનત કરી હશે કે દેશ આટલો આગળ આવી ગયો..... અને હવે તો છેલ્લા સાતેક વર્ષથી તૈયાર ભાણે ધુબાકા અને ધુમાડા કરવામાં આવી રહ્યા છે.....! જે કારણે આપણા લોકશાહી દેશ માટે ખતરો છે.....! તો સોશિયલ મીડિયામાં મોટા પ્રમાણમા વાયરલ થયેલ છે જેમાં કોમેન્ટ છે કે વિકાસની ચડ્ડી એટલી ફાટી ગઈ કે રાફેલ ઢાંકો ત્યા નોટ બંધી દેખાય છે.... નોટ બંધી ઢાકો તો જીએસટી દેખાય છે....જીએસટી ઢાંકો ત્યા બેરોજગારી.....બેરોજગારી ઢાંકો ત્યા ભ્રષ્ટાચાર દેખાય છે.... અને આ બધું ઢાંકવા જાય તો કોરોના દેખાય.... અને કોરોના ઢાંકવા જાય તો બધું અધ્ધર થઈ જાય છે.... આ છે દેશની પરિસ્થિતિ....!?

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૮-૭-૨૦૨૦, મંગળવાર, શ્રાવણ સુદ-૯
સૂર્યોદય-૬-૧૮, સૂર્યાસ્ત-૭-૨૮, જૈન નવકારશી-૭-૦૬,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ સ્વાતિ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૯-૩૬થી ચલ-લાભ-અમૃત-૧૪-૩૨ સુધી, ૧૬-૧૧થી શુભ-૧૭-૪૯ સુધી, ૨૦-૪૯થી લાભ-૨૨-૧૧ સુધી, ૨૩-૩૨ થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૬ સુધી

**- શુભ હોરા-**

૮-૩૦ થી ૧૧-૪૭ સુધી, ૧૨-૫૩ થી ૧૩-૫૯, ૧૬-૧૧થી ૧૯-૨૮ સુધી, ૨૦-૨૨ થી ૨૧-૧૭

# કોરોના મહામારી સામે લડવા મુખ્યમંત્રી રાહત નિધિમાંથી ૨૪૪ કરોડ ફાળવાયા

ગાંધીનગર,તા.૨૭

રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વવ્યાપી મહામારી કોરોના સામે સાડા ૬ કરોડ ગુજરાતીઓના સક્રિય સહયોગથી 'જીતશે ગુજરાત, હારશે કોરોના'ના સુત્ર સાથે જંગ છેડ્યો છે. વિજયભાઇ રૂપાણીએ રાજયમાં કોરોના સંક્રમિતોને શ્રેષ્ઠ સારવાર, દવાઓ અને તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના સંવેદનશીલ ભાવ સાથે મુખ્યમંત્રી રાહતનિધિમાં કોરોના અંગે વિશેષ ફંડ-દાન ભંડોળ માટે રાજયના નાગરિકોને કરેલી અપીલનો વ્યાપક પ્રતિસાદ સાપડ્યો છે. મુખ્યમંત્રી રાહતનિધીમાં કોરોના સામેનો જંગ લડવા પ્રાપ્ત થયેલા દાન ભંડોળમાંથી વિજયભાઇ રૂપાણીએ અત્યાર સુધીમાં રૂપિયા ૨૪૪ કરોડ રૂપિયા રાજયના શહેરો સહિત છેવાડાના ગ્રામિણ વિસ્તારના નાગરિકોના કોરોના સંક્રમણ નિયંત્રણ, સારવાર, દવાઓ તેમજ આરોગ્ય સુરક્ષા માટે ફાળવ્યાં છે. મુખ્યમંત્રીએ રાજયમાં કોરોના સંક્રમિતોને જરૂરી દવાઓ, ઈન્જેક્શન તેમજ સારવાર સુવિધાઓ સરકારી ખર્ચે મળી રહે તે માટે રાજયની મહાનગરપાલિકાઓ અને આરોગ્ય વિભાગને મુખ્યમંત્રી રાહતનિધીમાંથી ખાસ રકમ ફાળવી છે.

તદઅનુસાર તેમણે અમદાવાદ મહાનગરપાલિકાને રૂ. ૫૦ કરોડ, સુરત મહાનગરપાલિકાને રૂ. ૧૫ કરોડ, વડોદરા અને રાજકોટ મહાનગરપાલિકાને રૂ.૧૦-૧૦ કરોડ, ભાવનગર, ગાંધીનગર અને જામનગર મહાનગરપાલિકાને રૂ. ૫-૫ કરોડ કોરોનાના સંક્રમણ નિયંત્રણ-સારવાર માટે ફાળવેલા છે. વિજય ભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી રાહત નિધિમાંથી કોરોના ફંડની જે રકમ મહાનગરોને કોરોના સામે જરૂરી દવાઓ ઈન્જેક્શન તેમજ અન્ય આરોગ્ય વિષયક સુવિધાઓ ઉભી કરવા આપી છે તેના પરિણામે રાજયમાં લગભગ ૮૦ ટકા કોરોના સંક્રમિત લોકો આ સારવારનો લાભ લઈને સાજા થઈ પોતાના ઘરે ગયા છે. મુખ્યમંત્રીએ જે મહાનગરોમાં કોરોના સંક્રમણનો વ્યાપ વધુ છે એવા મહાનગરોમાં ડેડિકેટે કોવિડ હોસ્પિટલ, સ્ક્રીનિંગ, ટેસ્ટિંગ, ધનવંતરી આરોગ્ય રથ, કન્ટેમેન્ટ ઝોન વગેરે માટે પણ મુખ્યમંત્રી રાહતનિધી ફંડમાંથી ફાળવણી કરી છે. અમદાવાદ મહાનગરમાં રૂ. ૧ કરોડના ખર્ચે ટોસીલીમીઝૂમેબ ઈન્જેક્શનની ખરીદી કરીને આશરે ૨૫૦ દર્દીઓને આ ઈન્જેક્શનથી સારવાર આપવામાં આવી છે. ગુજરાત મેડિકલ સર્વીસ કોર્પોરેશન લિ. દ્વારા પણ ૫૫૦ ટોસીલીમીઝૂમેબ ઈન્જેક્શન અમદાવાદ શહેર માટે આપવામાં આવ્યા છે,

જેમાંથી ૪૫૦ દર્દીઓને ઈન્જેક્શન દ્વારા સારવાર આપવામાં આવી છે. એટલું જ નહીં અમદાવાદમાં ૧૧૦ જેટલા ધનવંતરી રથના માધ્યમથી ૬ લાખ જેટલા લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા કોરોના સામેની લડાઇ માટે કોરોના સંક્રમિત વ્યક્તિઓની સારવાર અંગે દવાઓ માટે રૂ. ૧૧.૪૬ કરોડ તેમજ જરૂરી મેડિકલ ઈક્વિમેન્ટ માટે રૂ. ૪ કરોડની રકમ ખર્ચ કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકાએ દવાઓ અને સંક્રમિત વ્યક્તિઓની સારવાર કરતા તબીબો માટે પી.પી.ઇ. કીટ માટે રૂ. ૧૩.૮૯ લાખ, ધનવંતરી રથ અન્વયે રૂ. ૩૩.૭૫ લાખ તેમજ અન્ય મેડિકલ ઈક્વિમેન્ટ પાછળ રૂ.૧૫ લાખથી વધુની રકમ ફાળવી છે. વડોદરા મહાનગરપાલિકાએ મુખ્ય મંત્રી રાહતનિધિમાંથી મળેલી રકમ માંથી કોરોના સંક્રમિત વ્યક્તિઓની સારવાર માટેના મેડિકલ ઈક્વિમેન્ટ ખરીદી માટે રૂ. ૧.૭૨ કરોડથી વધુ ફાળવ્યા છે. મુખ્યમંત્રીએ રાજયના આરોગ્ય વિભાગને પણ મુખ્યમંત્રી રાહત નિધિમાંથી જે રૂ. ૧૦૦ કરોડ ફાળવ્યા છે. આરોગ્ય વિભાગે રાજ્યમાં દૂર સૂદુરના અંતરિયાળ વિસ્તારોને પણ કોરોના સંક્રમણ સામે ઉપચારાત્મક અને આરોગ્ય રક્ષક દવાઓ પૂરી પાડવા જરૂરી દવાઓ ખરીદી માટે રૂ. ૧૧.૮૨ કરોડ નો ખર્ચ કર્યો છે. આરોગ્ય સેવાના તબીબો, પેરા મેડિકલ સ્ટાફ વગેરે જેઓ કોરોના સંક્રમિત લોકોની સારવારમાં જોડાયેલા હોય તેમને રક્ષણ આપવા ૨૦,૯૮,૪૮૫ એન-૯૫ માસ્ક, પી.પી.ઈ કીટ, હેન્ડ ગ્લોસ અને સેનેટાઇઝર વગેરેની ખરીદી પાછળ રૂ. ૧૫.૪૨ કરોડ નો ઉપયોગ કર્યો છે.

## રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૯ તાલુકામાં વરસાદ

# ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં જોરદાર વરસાદી સિસ્ટમ સક્રિય થવાના એંધાણ

ગાંધીનગર,તા.૨૭

કોરોના કહેર વચ્ચે આગામી પાંચ દિવસ માટે હવામાન વિભાગ દ્વારા સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં જોરદાર વરસાદી સિસ્ટમ સક્રિય થવાના એંધાણ મળી રહ્યા છે. અત્યાર સુધી રાજ્યમાં ચાલું સીઝનનો ૪૦ ટકા વરસાદ વરસી ગયો છે. ગત વર્ષની સરખામણીએ ગુજરાતમાં કોરોનાકાળમાં જુલાઈ મહિનામાં સારો વરસાદ પડ્યો છે. હવામાન વિભાગે આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર, કચ્છમાં વરસાદની કોઈ ઘટ નથી. છેલ્લા ૩ દિવસ રાજયમાં સારા વરસાદની આગાહી કરવામાં આવી હતી, જેના ભાગરૂપે સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના વિસ્તારો અને અમદાવાદમાં પણ સારો વરસાદ પડ્યો હતો. જણાવી દઈએ કે છેલ્લા ૩ દિવસથી ગુજરાતમાં છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૫ દિવસ સુધી રાજ્યમાં સામાન્ય વરસાદ પડશે.

ભારે વરસાદની કોઈ આગાહી કરવામાં આવી નથી. સામાન્ય રીતે દરવખતે ઓગસ્ટ મહિનામાં વરસાદી સિસ્ટમ બનતી હોય છે જેનાથી ગુજરાતને સારો વરસાદ મળતો હોય છે. આ વખતે પણ ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં વરસાદી સિસ્ટમ સક્રિય થવાની શક્યતા દર્શાવાઈ રહી છે. હવામાન વિભાગના ડિરેક્ટર જયંત સરકારે જણાવ્યું છે કે રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો ૪૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌરાષ્ટ્ર, કચ્છમાં વરસાદની ઘટ નથી પરંતુ ઉત્તર ગુજરાતમાં સામાન્ય ઘટ છે જે ઓગસ્ટમાં પૂરી થઈ શકે છે જોકે ગત વર્ષ કરતા ચાલુ વર્ષે જુલાઈ મહિના સુધીમાં સારો વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં પણ હવામાન વિભાગ દ્વારા સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમણે પણ ઉમેર્યું હતું કે, સામાન્ય રીતે ઓગસ્ટ મહિનામાં વરસાદી સિસ્ટમ બનતી હોય છે જેનાથી ગુજરાતને સારો વરસાદ મળતો હોય છે. ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં વરસાદી સિસ્ટમ સક્રિય થવાની શકયતા છે. ગુજરાત રિજયનમાં સામાન્ય ઘટ છે જે ઓગસ્ટમાં પુરી થવાની વાત જણાવી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં ૩ ઈંચ નોંધાયો છે. જ્યારે અમરેલીના વાડીયામાં પણ ૩ ઈંચ જેટલો ૭૨ મિમિ વરસાદ નોંધાયો છે. રાજકોટના કોટડા સાંગાણીમાં ૫ મિમિ, છોટાઉદેપુરના જેતપુર પાવી અને ભરૂચના નેત્રંગમાં ૪૩ મિમિ, દેવભૂમિ દ્વારકાના ભાણવડમાં ૪૨ મિમિ વરસાદ નોંધાયો છે. જ્યારે સુરતના કામરેજમાં ૨૯ મિમિ અને પોરબંદરમાં ૨૬ મિમિ વરસાદ પડ્યો છે.

# પ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા જગત મંદિરનો જીર્ણોધ્ધાર કરાશે

દ્વારકા,તા.૨૭

સુપ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકાનું જગતમંદિર લગભગ સાડા પાંચ હજાર વર્ષ પૂર્વેનું માનવામાં આવે છે.જગતમંદિરનું બાંધકામ સદિઓ જુનું અને પૌરાણિક બાંધકામ હોવાથી ૨૦૦૧માં આવેલ ભુકંપ અને દરિયાઇ ખારાશના લીધે મંદિરના પથ્થરો હાલ નબળા થયા છે.મંદિરના પિલર અને મથાળા સહિતના પથ્થરો નબળા થયા હોવાથી મંદિરનો જિર્ણોધ્ધાર કરવો જરૂરી બન્યું છે.રવિવારે પુરાતત્વ વિભાગ વડોદરાની ટીમ સર્વે માટે દ્વારકા આવી પહોંચી હતી.સર્વે કરી સરકામાંથી સુચના મુજબ આગામી સમયમાં મંદિરનો જિર્ણોધ્ધાર કરવામાં આવશે તેમ ટીમ દ્વારા જણાવાયું હતું. દ્વારકાનું જગતમંદિર લગભગ સાડા પાંચ હજાર વર્ષ પૂર્વેનું પ્રાચિન મંદિર છે.

દ્વારકાનું ખારાશ વાળુ વાતાવરણ, ભેજવાળી હવા ઉપરાંત ૨૦૦૧ માં આવેલ ભુકંપે દ્વારકા જગત મંદિરના માળખાને મહદઅંશે ક્ષતિ પહોચાડી છે. મંદિરના સ્તંભ તથા અન્ય માળખા જર્જરીત થયા હોવાથી જીર્પોધ્ધાર કરવાની જરૂરિયાત ઉભી થઇ છે.રવિવારે પુરાતત્વ વિભાગ બરોડાની ટીમના સુપ્રિટેન્ડન્ટ શિવ કુમાર તથા તેમની ટીમ દ્વારકા જગત મંદિરનો સર્વે કરવા આવી પહોચી હતી.

મંદિર પરિસરમાં આવેલા જગત મંદિર સાથે અન્ય મંદિરોનો સર્વે હાથ ધર્યો હતો. રીપોર્ટ બનાવી રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારને આપવામાં આવશે તેમ સર્વેની ટીમ દ્વારા જણાવાયું હતું.વડી કચેરીની સુચના મુજબ જિર્ણોધ્ધારનું કામ શરૂ કરવામાં આવશે. અમારા બરોડા પુરાતત્ત્વ વિભાગ સુપરીટેન્ડ શિવકુમાર તથા ટીમ દ્વારા આજે સર્વે કરવામાં આવ્યો છે.રિપોર્ટ તૈયાર કરી સરકારને મોકલવામાં આવશે બાદમાં પરવાનગી મળતા કામ શરૂ કરાશે.પૌરાણિક ડીઝાઈનને ધ્યાને રાખી કામ કરવામાં આવશે.

# રાજ્યના ૯૧૨ તીર્થની પવિત્ર માટી અને પવિત્ર જળનું પૂજન કરી અયોધ્યા મોકલાયા

ગાંધીનગર,તા.૨૭

અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણની તડામાર તૈયારી શરૂ થઈ છે. ત્યારે આગામી પાંચ ઓગસ્ટે અયોધ્યામાં રામ મંદિરનું વડાપ્રધાનના હસ્તે ભૂમિપૂજન થવાનું છે. મંદિરના ભૂમિપૂજનની તારીખ નજીક આવી રહી છે, ઉલ્લેખનીય છે કે અયોધ્યામાં રામ મંદિર માટે ગુજરાતથી પવિત્ર નદી જળ-માટી મોકલવા પૂજા કરવામાં આવી હતી.જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી, અખિલેશ્વરદાસજી મહારાજ, ચૈતન્યશંભુજી મહારાજ સહિતના સંતોએ પવિત્ર માટી અને જળની પૂજા કરી.ગુજરાતના ૯૧૨ તીર્થની માટી અને પવિત્ર જળનું પૂજન રામ મંદિર નિર્મણાર્થે મોકલવાની યોજના દેશભરના સાધુ સંતો દ્વારા બનાવાઈ છે. ગુજરાત માંથી એકત્ર કરેલી રજ અને જળનું પૂજન કરીને અયોધ્યા માટે પ્રસ્થાન કરાવવામાં આવશે, ગુજરાતના ૯૧૨ પવિત્ર તીર્થની માટી અને જળ અયોધ્યા મોકલવામાં આવશે. ત્યારે અમદાવાદ શહેરનાં વીએચપી કાર્યાલયે માટી અને જળની પૂજા કરવામાં આવી હતી. રામ મંદિરની સૌથી પહેલી ડિઝાઈન ૧૯૮૫માં બનાવવામાં આવી હતી. એ વખતે મંદિરમાં આવનારા ભક્તોના અંદાઝા પરથી ડિઝાઈન તૈયાર થઈ હતી.

૧૯૮૫ પછી ૩૫ વર્ષ વીતી ચૂક્યા છે અને ભક્તોનો એસ્ટીમેટ પણ વધ્યો છે. નવા સમયને વિચારીને મંદિરને વધારે પહોળું કરવાનું નક્કી કરાયું છે, રામ મંદિર હવે બે નહી પરંતુ ત્રણ માળનું બનવાનું છે. રામ મંદિરની ઉંચાઈ ૧૬૧ ફુટ અને પહોળાઈ ૧૪૦ ફુટની હશે. મંદિરનો મૂળ દેખાવ મોટેભાગે એનો એ જ રહેવાનો છે, બે બાજુમાં અને એક આગળના ભાગે એમ કુલ ગુંબચની સંખ્યા ૫ની હશે. ૧૯૮૫ની ડિઝાઈનમાં રામ મંદિરને ૩ ગુંબચ વાળું બનાવવાનું હતું.

# સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજના પ્રારંભે વાયદાના ભાવમાં તેજી: સોનું રૂ.૫૨ હજાર અને ચાંદી રૂ.૬૬ હજારને પાર

## ક્રૂડ તેલ, બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિ: કપાસ, સીપીઓ, મેન્થા તેલમાં નરમાઈનો માહોલ: એલચી અને કોટનમાં સુધારાનો સંચાર: પ્રથમ સત્રમાં રૂ. ૨૧૨૪૨ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૩૧૭૯૪૭ સોદામાં રૂ. ૨૧૨૪૨.૪૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ વાયદાના ભાવમાં તેજી સાથે થયો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૧૨૨ અને ચાંદીનો વાયદો રૂ.૪,૪૩૧ ઊછળ્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ તથા એનર્જીમાં ક્રૂડ તેલમાં પણ સાર્વત્રિક વૃદ્ધિ વાયદાના ભાવમાં હતી. નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં એલચી અને કોટનમાં સુધારાના સંચાર સામે કપાસ, સીપીઓ અને મેન્થા તેલમાં નરમાઈનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૨૪૬૨૨૨ સોદાઓમાં રૂ. ૧૫૪૯૦.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૭૪૯ ખૂલી, ઊપરમાં રૂ. ૫૨૨૨૦ અને નીચામાં રૂ. ૫૧૬૫૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૨૨ વધીને રૂ. ૫૨૧૫૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૦૧ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૪૧૯૬૮ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૫૧૮૧ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૦૭ વધીને બંધમાં રૂ. ૫૨૨૨૭ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૩૬૭૧ ખૂલી, ઊપરમાં રૂ. ૬૬૧૬૪ અને નીચામાં રૂ. ૬૩૬૭૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૪૩૧ વધીને રૂ. ૬૫૬૫૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૪૪૧૬ વધીને રૂ. ૬૫૭૨૫ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૪૪૨૫ વધીને રૂ. ૬૫૭૩૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૬૧૨૭ સોદાઓમાં રૂ. ૧૭૨૩.૩૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૭૮ ખૂલી, ઊપરમાં રૂ. ૩૧૦૯ અને નીચામાં રૂ. ૩૦૭૩ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૨ વધીને રૂ. ૩૧૦૪ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૪૬૫૬ સોદાઓમાં કુલ રૂ. ૪૬૮.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૦૦ અને નીચામાં રૂ. ૧૫૬૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૦ વધીને રૂ. ૧૫૮૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૪૧.૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૮ ઘટીને બંધમાં રૂ. ૭૩૪.૯ ના ભાવ હતા, જ્યારે એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ. ૧૫૧૧ ખૂલી, અંતે રૂ. ૪૪ વધીને રૂ. ૧૫૧૧ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૦૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૩૬ અને નીચામાં રૂ. ૯૦૫ રહી, અંતે રૂ. ૯૨૮.૧ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૬૪.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૬૫ અને નીચામાં રૂ. ૯૬૨.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૫૦ ઘટીને રૂ. ૯૬૪ ના સ્તરે બંધ રહ્યો હતો.


વાયદાઓમાં કામકાજની દ્દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૭૦૫૫ સોદાઓમાં કુલ રૂ. ૫૫૬૧.૪૨ કરોડ ની કીમતનાં ૧૦૬૯૬.૮૮૬ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૯૧૬૭ સોદાઓમાં કુલ રૂ. ૯૯૨૯.૨૩ કરોડ ની કીમતનાં ૧૫૨૯.૬૦૪ ટન, ક્રૂડ તેલમાં ૨૪૭૨૭ સોદાઓમાં રૂ. ૧૧૧૫.૧૦ કરોડનાં ૩૬૦૮૫૦૦ બેરલ્સ, કોટનમાં ૧૨૬૧ સોદાઓમાં રૂ. ૧૦૨.૪૯ કરોડનાં ૬૪૪૦૦ ગાંસડી, સીપીઓમાં ૩૨૮૫ સોદાઓમાં રૂ. ૩૫૬.૯૩ કરોડનાં ૪૯૭૧૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ. ૧.૫૧ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૮૭ સોદાઓમાં રૂ. ૮.૮૨ કરોડનાં ૯૩.૯૬ ટન, કપાસમાં ૨૨ સોદાઓમાં રૂ. ૫૩.૯૬ લાખનાં ૧૧૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૫૩.૭૭૮ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૮૨.૦૩૫ ટન, ક્રૂડ તેલમાં ૪૦૭૨ બેરલ્સ, કોટનમાં ૯૪૭૭૫ ગાંસડી, સીપીઓમાં ૭૯૦૨૦ ટન, એલચીમાં ૦.૪ ટન, મેન્થા તેલમાં ૧૭૨.૮ ટન અને કપાસમાં ૬૨૮ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૧૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૫ ખૂલી, ઊપરમાં રૂ. ૬૬૦ અને નીચામાં રૂ. ૨૯૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૫૪.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૧ અને નીચામાં રૂ. ૧૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૬૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૫૦૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫૩૦૦ અને નીચામાં રૂ. ૨૫૦૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૭૪૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૧૨ ખૂલી, ઊપરમાં રૂ. ૮૭૬.૫ અને નીચામાં રૂ. ૫૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૫૭.૫ બંધ રહ્યો હતો. તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૨૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૭.૦૫ ખૂલી, ઊપરમાં રૂ. ૭.૦૫ અને નીચામાં રૂ. ૭.૦૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭.૦૫ બંધ રહ્યો હતો. ડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૧૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૪.૩ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૩.૫ અને નીચામાં રૂ. ૧૪૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૨.૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૧૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૨૧ અને નીચામાં રૂ. ૧૦૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૬.૮ બંધ રહ્યો હતો.

# સિદ્ધપુરના પાંચ સ્વયંભૂ મહાદેવની પરિક્રમા...



ઐતહાસિક અને ધાર્મિક નગરી સિદ્ધપુર ( શ્રીસ્થળ ) એ મંદિરોની નગરી છે. આ નગરીમાં એક હજાર ઉપર પૌરાણિક મંદિરો છે જેમાં સૌથી વધુ દેવાધિદેવ મહાદેવના મંદિરો છે. આ નગરીની સવાર હર મહાદેવના નાદ સાથે પડે છે અને રાત્રે નગર પણ હર મહાદેવના ઉચ્ચારણ પછી જ શાંત પડે છે. હજારો વર્ષ જુના પાંચ સ્વયંભૂ (સ્વયં ઉત્પન્ન થયેલ) મહાદેવ આ સિદ્ધક્ષેત્રમાં આવેલ છે. અરવડેશ્વર મહાદેવ, બ્રહ્માડેશ્વર મહાદેવ, વાલકેશ્વર મહાદેવ, વટેશ્વર મહાદેવ અને સિદ્ધેશ્વર મહાદેવ. એક સાથે આટલા સ્વયંભૂ મહાદેવ ધરાવતી ભારતભરમાં જો કોઈ નગરી હોય તો એ એકમાત્ર સિદ્ધપુર છે. આજે સિદ્ધપુર સ્થિત પાંચ સ્વયંભૂ મહાદેવની પવિત્ર શ્રાવણ માસમાં તેનો ઋગ્વેદકાળ જૂનો ઈતિહાસને યાદ કરી શબ્દ પરિક્રમા કરીશું.

**અરવડેશ્વર મહાદેવ**

શિવપુરાણ, સ્કંદ પુરાણ અને સરસ્વતી પુરાણમાં આ સ્વયંભૂ અરવડેશ્વર મહાદેવ શિવલિંગનો ઉલ્લેખ છે. કહેવાય છે કે માતા સરસ્વતી સુંદર નારીનું રૂપ લઈ ગૌમુખ,કોટેશ્વર , અંબાજીથી શ્રીસ્થળ તરફ આવવા નીકળ્યા. તેમનું મનમોહક રૂપ જોઈ એક મહા ભયંકર રાક્ષસ એમના પાછળ પડ્યો. મા સરસ્વતી ગભરાઈ ધસમસતા વેગથી શ્રીસ્થળ તરફ આવવા લાગ્યા તો એ મહા ભયંકર રાક્ષસ પણ એટલી જ તીવ્ર ગતિથી માતાજી પાછળ આવવા લાગ્યો. શ્રીસ્થળ આગળ પહોંચતા માતાજી એ મદદ માટે પુકાર લગાવી અને ત્યાં જ માતાજીને ઠેસ લાગતા અરવડીયું આવ્યું અને તુરંત જ મહાદેવજી ત્યાં પ્રગટ થયા. મહાદેવજીએ સરસ્વતી માતાને રાક્ષસથી બચાવવા પોતાના પાસે રહેલ કમંડળમાં સમાવી લીધા અને રાક્ષસ ત્યાંથી આગળ નીકળી ગયો. આમ માતાજીનો જીવ બચાવતા માતાજીની વિનંતીથી સરસ્વતી માતાના તટ ઉપર મહાદેવજી અરવડેશ્વર નામે સ્વયંભૂ સ્થાપિત થયા. ઋગ્વેદકાળથી અસ્તિત્વ ધરાવતા આ મંદિરમાં અનેક દેવી દેવતાઓ સિદ્ધ ઋષિ મુનિઓ દ્વારા પૂજા અર્ચના થયેલ છે અને કળિયુગમાં અંતે દેવશંકર બાપા એ પણ મહાદેવજીના સાનિધ્યમાં સતત પૂજા અર્ચના કરી હતી. આ મંદિર અનેક સિદ્ધો ઋષિ-મુનિઓ અને સ્વયં દેવતાઓ દ્વારા તપશ્ચર્યા અને ભક્તિના કારણે તપોભૂમિ ગણાય છે અને અરવડેશ્વર મહાદેવના દર્શન કરવા દ્વાદર્શ જ્યોતિર્લિંગ પૈકીના એક કેદારનાથના દર્શનના સમકક્ષ ગણાય છે.

**વાલકેશ્વર મહાદેવ**

શિવ પુરાણમાં જેનો ઉલ્લેખ છે એવું પ્રસિદ્ધ વાલકેશ્વર મહાદેવ સરસ્વતીના સામેના તટે સ્થિત છે. આ મંદિર પણ હજારો વર્ષ જૂનું છે એવું મનાય છે. કહેવાય છે કે બ્રહ્માજીએ સૌથી પહેલા વાલખિલ્ય ઋષિઓની ઉત્પત્તિ કરેલ હતી. વાલખિલ્ય ઋષિઓએ અહીં આશ્રમ બનાવી રહેતા હતા અહીં તેઓએ સખત તપ કર્યું હતુ અને તે ઋષિઓએ પોતાના તપોબળથી અંગુઠા જેટલું રૂપ ધારણ કરેલ હતું. વાલખિલ્ય ઋષિઓનો અહીં આશ્રમ હતો એનો ઉલ્લેખ પુરાણોમાં પણ છે.વાલકેશ્વર મહાદેવજીની ઉત્પત્તિ વિશે કહેવાય છે કે એક વખત દક્ષ રાજાએ મોટા યજ્ઞનું આયોજન કરેલ અને વાલખિલ્ય ઋષિઓને આ યજ્ઞમાં ખાસ આમંત્રણ હતું. વાલખિલ્ય ઋષિઓ જયારે યજ્ઞમાં હાજરી આપવા નીકળ્યા ત્યાં રસ્તામાં આકાશ માર્ગે જઈ રહેલા ઈન્દ્રદેવે એમનું અંગુઠા જેટલું રૂપ જોઈ મજાક ઉડાવી હતી, અહંકારમાં ચકચૂર ઈન્દ્રદેવે એમના તપોબળને જાણ્યા વગર એમનો ઉપહાસ કર્યો. ક્રોધમાં આવી ઋષિઓએ ઈન્દ્રદેવને કેદ કરી લીધા હતા એમને શ્રાપ આપ્યો. તમામ દેવતાઓ ભયભીત થઈ મહાદેવ અને બ્રહ્મા પાસે ગયા અને ઈન્દ્રદેવને મુક્ત કરાવવા વિનંતી કરી. દેવતાઓની વિનંતીથી મહાદેવ વાલખિલ્ય ઋષિઓના આશ્રમે પ્રગટ થયા અને બ્રહ્માજી પણ પ્રગટ થયા. મહાદેવ અને બ્રહ્માજીની સમજાવટથી ઋષિઓએ ઈન્દ્રદેવને મુક્ત કર્યા. ત્યારે બ્રહ્માજીની આજ્ઞાથી જ્યાં મહાદેવ પ્રગટ થયા હતા ત્યાં લિંગની સ્થાપના કરવામાં આવી અને એ લિંગ વાલખીલેશ્વર મહાદેવ તરીકે પ્રસિદ્ધ થયા અને સમય જતાં વાલકેશ્વર મહાદેવ તરીકે ઓળખાવવા લાગ્યા. બ્રહ્મહજી એ ત્યાં તાડની નીચે બ્રહ્મકુંડની સ્થાપના કરી જે તાડનું વૃક્ષ આજે પણ ત્યાં જ છે. ઈન્દ્રદેવે પણ પ્રાયશ્ચિતના ભાગ રૂપે છ માસ અહીં તપ કર્યું હતું અને રાક્ષસો તથા અસુરીશક્તિથી ઋષિઓની રક્ષા કરવા અષ્ટભૈરવદાદાને ભૈરવિચક્ર સાથે પ્રગટ કરી ત્યાં સ્થાપિત કર્યા હતા. આ જગ્યા ઉપર પાંડવો પણ આવેલ હતા તેથી મહાભારતમાં પણ આ શિવલિંગનો ઉલ્લેખ છે અને ગુરુ દત્તાત્રેય પણ અહીં દર્શને આવેલ અને આ ભૂમિ પાવન કરી હતી. આજે પણ મહાદેવજીના દર્શનમાં અને અષ્ટભૈરવ દાદાના મંગળવાર ભરી મનોકામના પૂર્ણ કરવામાં હજારો શ્રદ્ધાળુઓ આસ્થા ધરાવે છે.

**બ્રહ્માંડેશ્વર મહાદેવ.**

શિવપુરાણમાં અને અન્ય પુરાણોમાં જેનો ઉલ્લેખ છે એવું બ્રહ્મદેવતા નિર્મિત સરસ્વતી નદીના સામા તટે સ્વયંભૂ શિવલિંગ છે બ્રહ્માંડેશ્વર મહાદેવ. કહેવાય છે કે બ્રહ્માજી અશ્વમેઘ યજ્ઞ કરવા માટે ધાર્મિક નગરી શ્રીસ્થળની પ્રદક્ષિણા કરવા સરસ્વતી તટે આવ્યા હતા. સામેના તટેથી પ્રદક્ષિણા શરૂ કરવા ઈચ્છતા બ્રહ્માજી નદીના સામે તટે આવી ત્યાં દેવાધિદેવ મહાદેવની ઘોર તપસ્યા કરી અને તપસ્યા પૂર્ણ થતાં પ્રદક્ષિણાની આજ્ઞા લેવા અનેક ઋષિ મુનિઓને બોલાવી ત્યાં વિધિવત પૂજા અર્ચના કરાવી અને પ્રદક્ષિણાની આજ્ઞા માંગી. ઋષિ મુનિઓએ બ્રહ્માજીને સ્નાન કરાવી પ્રદક્ષિણા કરવાની આજ્ઞા આપી. બ્રહ્માજીનું સ્નાન પૂર્ણ થતાં જ ત્યાં સ્વયં મહાદેવ લિંગ સ્વરૂપે પ્રગટ થયા અને બ્રહ્માજીને વરદાન માંગવા કહ્યું. બ્રહ્માજી એ મહાદેવજીને જ્યાં પ્રગટ થયા ત્યાં જ સ્વયંભૂ લિંગ તરીકે સ્થાપિત થવાની ઈચ્છા દર્શાવી અને મહાદેવજી ત્યાં જ બ્રહ્માંડેશ્વર મહાદેવના નામથી સ્થાપિત થયા અને જ્યાં બ્રહ્માજીએ સ્નાન કર્યું હતુ એ બ્રહ્મકુંડ કહેવાયો. જેમાં સ્નાન કરવાથી પ્રાણી માત્ર સર્વ પાપમાંથી મુક્ત થાય છે એવું કહેવાય છે.

**વટેશ્વર મહાદેવ /બટુકેશ્વર મહાદેવ**

મહાભારત ગ્રંથમાં તથા પુરાણોમાં દેવાસુર સંગ્રામ સમયમાં જેનો ઉલ્લેખ છે એવા સ્વયંભૂ મહાદેવ એટલે વટેશ્વર મહાદેવ. ઋગ્વેદકાળમાં દધિચી ઋષિએ અહીં ઘોર તપશ્ચર્યા કરી હતી અને દેવો એ એમને પ્રથમ દેવાસુર સંગ્રામ પછી સાચવવા આપેલ શસ્ત્રો એક હજાર વર્ષ સુધી સાચવી દાનવ ચોરી ના જાય એટલે એનું તેજ જળમાં ઉતારી પી ગયા અને એમના શરીરને વજ્ર જેવું કઠોર બનાવ્યું હતું. કહેવાય છે કે વૃત્રાસુર નામના રાક્ષસના ભયથી યુદ્ધમાં દેવતાઓ હારના કગાર ઉપર હતા ત્યારે નારાયણ શ્રી વિષ્ણુએ દેવેન્દ્ર ઈન્દ્રને દધિચી ઋષિના હાડકામાંથી વજ્ર બનાવી વૃત્રાસુરનો અંત કરવા જણાવ્યું હતું. દેવોની વિનંતીથી દધિચી ઋષિએ શસ્ત્રના તેજથી વજ્ર સમાન બનેલ પોતાના હાડકા હસતા મુખે દેવોને આપેલા એવા દધિચી ઋષિનો કુંડ આ સ્થળે આવેલ છે. પાંડવો લાક્ષાગ્રહમાંથી નીકળ્યા ત્યારે ભીમે બ્રાહ્મણોને બકાસુરના ભયમાંથી મુક્ત કરવા બકાસુર રાક્ષસનો વધ કરેલ અને ભગવાન શ્રીકૃષ્ણએ પાંડવોને આ પાપમાંથી મુક્તિ માટે સ્વર્ગથી એક વેંત છેટું ગણાતા સિદ્ધપુરમાં કર્દમ ઋષિના આશ્રમ જઈ ત્યાં પવિત્ર બિંદુ સરોવરમાં સ્નાન કરવા જણાવ્યું હતું. પાંડવો સિદ્ધપુર આવી ત્યાં બિંદુ સરોવરમાં સ્નાન કરી એ પછી આ જગ્યા મનમાં વસી જતા સિદ્ધપુરથી થોડીક દૂર જ્યાં દધિચી ઋષિએ તપ કર્યું હતું ત્યાં આશ્રમ બનાવી રોકાયા હતા. અહીં મહર્ષિ વેદવ્યાસે પાંડવોને જ્ઞાન ઉપદેશ પણ આપ્યો હતો તેથી આ જગ્યા વ્યાસપીઠ તરીકે પણ જાણીતી છે. જ્યેષ્ઠ પાંડવ યુધિષ્ઠિરે ત્યાં દધિચીકુંડમાં સ્નાન કર્યું હતું એ જ રાત્રે મહાદેવ બટુક સ્વરૂપે સ્વપ્નમાં આવ્યા હતા તેથી પાંડવોએ ત્યાં પાંચ શિવલિંગની સ્થાપના કરી હતી. અહી એ પછી બટુકો યજ્ઞોપવિત ધારણ કરી દધિચીકુંડમાં સ્નાન કરી ત્રણ દિવસ રોકાતા હતા એથી આ મહાદેવ બટુકેશ્વર મહાદેવના નામે પણ પ્રસિદ્ધ થયા હતા.

**સિદ્ધેશ્વર મહાદેવ**

કર્દમ ઋષિના સમયમાં ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર કપિલ ભગવાનના જન્મ સમયે બ્રહ્માજીની હાજરીમાં બાણ રૂપે સ્વયંભૂ શિવલિંગની સ્થાપના એટલે સિદ્ધેશ્વર મહાદેવ.

કહેવાય છે કે કપિલ ભગવાનનો જન્મ થતા તેમના જાતકર્મ સંસ્કાર વખતે સ્વયં બ્રહ્માજી જે કર્દમ ઋષિના પિતા છે તેઓ પૌત્રના જાતકર્મ સંસ્કાર સમયે હાજર રહ્યા હતા. જાતકર્મની વિધિ દરમિયાન બ્રહ્માજીએ કર્દમ ઋષિને આજ્ઞા કરી મેં બધા તીર્થોનું જળ લેતા આવો. બ્રહ્માજીના મુખે આ વચન સાંભળી કર્દમ ઋષિ વિચારમાં પડી ગયા કે બધા તીર્થોનું જળ અચાનક કેવી રીતે લાવવું ! કર્દમ ઋષિ મહાજ્ઞાની અને તપસ્વી હતા તેમના પાસે ખૂબ જ તપોબળ સંચિત કરેલું હતું. એમને મનમાં ભગવાનની પ્રાર્થના કરતા કહ્યું કે જો મારી અત્યાર સુધીની ભક્તિ , તપશ્ચર્યા નિસ્વાર્થ હોય તો એ તીર્થ ક્ષેત્રના જળ અહી પ્રગટ થાઓ અને જોતજોતામાં જમીનમાંથી ધારા ફૂટી અને તમામ તીર્થના જળ ત્યાં વહેવા લાગ્યા અને કપિલ ભગવાનને બ્રહ્માજી એ સર્વ તીર્થના જળમાં સ્નાન કરાવ્યું. કર્દમ ઋષિની આ ભક્તિથી ખુશ થઈ બ્રહ્માજી એ જ્યાં બધા તીર્થના જળ ફૂટ્યા હતા ત્યાં સ્વયંભૂ શિવલિંગની સ્થાપના કરી જે સિદ્ધેશ્વર કે સિદ્ધનાથ મહાદેવના નામે જાણીતા બન્યા અને જે કુવામાંથી આ સરવાણી ફુટેલી તે જગ્યા સિદ્ધકુવાના નામે જાણીતી થઈ. આ સિદ્ધકુવામાં સ્નાનનો મહિમા એટલો છે કે એમાં સ્નાન કરનાર પ્રાણી માત્ર જન્મ મરણના બંધનમાંથી મુક્ત થાય છે.

રિપોર્ટર
ધ્રુવ કુમાર દવે સિધ્ધપુર

---

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

**કરંટ ટોપિક**
**ઓપરેશન વિજય- કારગીલ**
**NG-168**
**લીના વછરાજાની.**
**"ઓપરેશન વિજય-કારગીલ"**

બે મિનિટના મૌનમાં સમાય એવી વાત છે?
-એને પણ રવિવારની રજા બાળકો સાથે મોલમાં પિઝ્ઝા માણીને વિતાવવી ગમતી હોય છે.
-એને પણ મા ના હાથની ગરમ રોટલીએ જમવું ગમતું હોય છે.
-એને પણ પત્ની માટે ગજરો લાવવો ગમતો હોય છે.
-એને પણ વેકેશનમાં હિલ સ્ટેશન કે વિદેશયાત્રા ગમતી હોય છે.
-એને પણ મિત્રો સાથે વીકએન્ડ પિકનિક કરવી ગમતી હોય છે.
પણ..
આપણે જિંદગીની આ બધી જ પળ નિશ્ચિંતપણે પરિવાર સાથે જીવી/માણી શકીએ એટલે એ બધા જ મનગમતા રંગને તિલાંજલી આપીને માત્ર ત્રણ રંગના નામે જ પોતાની જિંદગી લખી દેતો હોય છે.
એટલે જ..
ન ઝાઝા મૌનની જરુર ,ન શબ્દોના ભંડારની.
બસ જરુર છે દિલથી આપેલી સલામીની.

---

**NG NO : 0052**
**કરંટ ટોપિક : આફત**

દુનિયા આખી કોરાના ની ઝપેટમાં છે ,આ ઉપાધી તો ઠીક છે પણ આપણે રોજ નવી નવી સ્થિતિઓ સામે લડી રહ્યા છીએ,
જો સાચું કહું તો ,કોરોના હવે દેશના ખૂણે ખૂણે પ્રેસારો કરી ચૂક્યું હોય ,આવા સમયે દેશ કોરાના સામે તો લડી જ રહ્યો છે ,પણ સાથે સાથે તેવી ઘણી આફતો ઓચિંતા આવીને ઊભી છે કે વાત જ શું કરવી?
કોરાનાના લીધે ભયંકર બેકારી સર્જાયી છે,ઉદ્યોગો પડી ભાગ્યા છે ,કામદારો હવે જાય તો જાય કયા તે પણ એક મોટો પ્રશ્ન હાલ સર્જાયો છે,
પળતાને પાટું કહેવત યાદ તો હશે જ તમને ? આસામ,બિહારમાં જેવાં રાજ્યોમાં હાલ પૂર સંકટ આવી પહોંચ્યુ છે,કેટલાંય ગામો સંપર્ક વિહોણા બન્યા છે ,ત્યાનું જનજીવન અસ્ત વ્યસ્ત થઈ પડયું છે.
આ ઓછું હોય તેમ કુદરતી આફત રુપી ભૂકંપ પણ અમૂક રાજ્યોમાં ધીરે ધીરે ઝટકા છોડી પોતાની હાજરી પૂરાવી રહ્યા છે,
કાશ્મીરમાં તો રોજ આપણાં જવાનો આતંકવાદ સામે ઝઝૂમતા જ રહે છે.
આ બધી આફતો ઓછી હતી કે તેમાં એક ઓર વધારો આપણાં પડોશી દેશ ચીને ઘુસણખોરી કરી ,સૈન્યને સીમા પર સાવચેત રહેવાની સાથે દેશ આખાને યુદ્ધ કરવાના અણસાર આપી દીધાં છે.
આટલી બધી આબાદી ધરાવતો આપણો દેશ હાલ કેટલીય પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યો છે અને હજી આવનારાં સમયમાં કેટલી તકલીફો ,આફતો સામે ઝઝુમશે તે તો રામ જાણે.
સંજય તરબદા "સાંજ" વડોદરા

---

**: કરંટ ટોપિક**
**ઓપરેશન વિજય કારગીલ**
**NG..74**
**નયના પટેલ..વડોદરા.**

હજુ ગઈ કાલેજ પરણીને આવેલા સંદીપને કારગિલ લડાઈમાં જોડાવાનો મેસેજ આવે છે,તરત હાજર થાવ..
એક તરફ દેશ માટે જાન કુરબાન કરવી છે તો બીજી તરફ,પોતાની નવ વધૂના અરમાનો માટે પણ જાન ની બાજી લગાવી દેવી છે,પણ શું કરવું?એ સમજાતું નથી,ત્યાંજ નવી પરણીને આવેલી પત્ની કહે છે ,! તમે મારી ચિંતા ના કરો! આજે ભારત માં ને તમારી જરૂર છે,
જ્યાં માં સલામત હોય તો એના બાળકોના કોઈ સપના અધૂરા નથી રહેતા,સંદીપની આંખમાંથી આશું આવી ગયા,માં હું એક જંગ જીતી ગયો સમજદાર પત્ની મળતા હવે કારગિલમાં મારી જીત પાક્કી છે ..ને એ પત્નીને ગળે લગાવી માં બાપના આશીર્વાદ લઈ નીકળી ગયો હવે તો શરીરે તિરંગો લપેટાઈ તોય વાંધો નહી..ભારત માં ની જય

---

**કરંટ ટોપિક**
**NG/77**
**વિષય : શ્રાવણ**
**રચના:પદ્ય**

અષાઢી મેઘ ગાજે ને અષાઢી તોલાય,
અષાઢ થાય વિદાય ને શ્રાવણ સરવડે ઝિલાય...!
શ્રાવણીયો આવે ને બમબમભોલે બોલાય,
મંદિરના ઘંટારવે મહાદેવના ગુણલા ગવાય...!
શંખનાદે ને ડમરુંના નાદે ગાજે શિવાલય,
હર હર મહાદેવના નામે ઓવારણાં લેવાય...!
ફરાળ અને એકટાણાં કે ઉપવાસે સહુ શિવજીને રીઝાવે,
શિવમહિમ્ન ને શિવતાંડવ સ્તોત્રથી માંહ્યલા ગજાવે...!
રુમઝુમ કરતો શ્રાવણ તહેવારોની છડી પોકારે,
નવલાં દિવસો ને વરસાદી માહોલ બનાવે...!
આવે અવનવાં હિંડોળાની હેલી,
બહેનભાઈના પર્વ સમી બળેવની સંગાથ બ્રાહ્મણ બદલતા જનોઈ મેલી...!
નાગપાંચમ,રાંધણ છઠ્ઠ,શીતળા સાતમ ને ગોકુળ આઠમ,
આબાલવૃદ્ધ સહુ
મોજ મઝા કરતાં ભરાતો મેળો સાતમ-આઠમ...!
શ્રાવણ મહિનાનો મહિમા ગાઉં હું,
સહુ આખું વરસ એની રાહ જોતાં બહુ ...!
ઋતંભરા વિશ્વજીત ઋત્વિશ્વ

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
★સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક : Email : prdpraval42@gmail.com (M - 9824653073)

---

નોંધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

---

# "રોબિનહુડ આર્મી" એક "ગ્રીન આર્મી"



"રોબિનહુડ આર્મી" એક એવી સંસ્થા જેને લોકો "ગ્રીન આર્મી" તરીકે પણ સંબોધે છે. રોબિનહુડ આર્મી એક સ્વયંસેવક આધારિત અને શૂન્ય-ભંડોળની સંસ્થા તરીકે પોતાની ઓળખ આજે સમગ્ર વિશ્વમાં બનાવી રહ્યું છે. આ સંસ્થા નો મુખ્ય હેતુ સરળ, વૈશ્વિક સ્તરે ભૂખ ને હરાવો અને એક યોગ્ય માધ્યમ બનીને ખોરાકનો ઉપયોગ કરી માનવતા નો શ્રેષ્ઠતમ આનંદ લાવવાનો છે. આ સંસ્થાની શરૂઆત દિલ્હીમાં આજથી ૬ વર્ષ પહેલાં નીલ ઘોષે કરી હતી. આજે દુનિયાના ૧૦ જુદાં જુદાં દેશોમાં લગભગ ૧૮૨ થી વધારે શહેરોમાં આ સંસ્થા કાર્યરત છે.

રોબિનહુડ આર્મી દ્વારા મિશન ૩૦ મિલિયન ની શરૂઆત કરવામાં આવી છે. આ મિશન હેઠળ અમે;

૧. હાઉસિંગ સોસાયટી, શાળા, કોલેજો, કોર્પોરેટ્સ, મીડિયા ગૃહો અને ૬૦,૦૦૦ રોબિન્સ સાથે મળીને કામ કરીશું.

૨. અસરગ્રસ્ત એવા લોકોને ( ૩૦ મિલિયન) મુખ્ય ખોરાક આપીશું.

૩. અમે ૧ લી જુલાઈથી ૧૫ મી ઑગસ્ટ ૧૦ દેશોના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કરીશું

આ મિશન ને સફળ બનાવવા માટે અમદાવાદ માં કાર્યરત રોબિનહુડ આર્મી પણ પોતાનો પૂરતો સહયોગ આપવા સજ્જ છે. અમદાવાદ રોબિનહુડ આર્મી અત્યારે અનાજ, કઠોળ તથા રાશન કીટ એકત્રિત કરીને જરૂરતમંદ લોકોને સહાય કરી રહી છે. "અમદાવાદ-રોબિનહુડ આર્મી" તરફથી તમામ અમદાવાદના તથા ગાંધીનગર ના નાગરિકો ને અપીલ છે કે તેઓ પણ આ મહા-આયોજન માં ભાગ લે અને પોતાની યથાશક્તિ પ્રમાણે અનાજ કે કઠોળ ની દાન કરે. આ મિશન ને સફળ બનાવવા માટે આપ સૌ રોબિનહુડ આર્મી ને સંપર્ક કરી શકો છો.

કૉન્ટૅક્ટ નંબર :-
ધ્રુવ ?સોની : ૯૬૬૪૯ ૬૦૮૦૬
જીનેશ પારેખ:૯૪૦૮૨૨૩૩૪૧

આપ સૌ રોબિનહુડ આર્મી સાથે જોડાઈ ને એક સ્વયંસેવક તરીકે પણ તમારી સેવા આપી શકો છો. તેની રજિસ્ટ્રેશન લીંક તમને રોબિનહૂડ આર્મીની વેબસાઈટ પરથી મળી જશે.

રોબિનહૂડ આર્મી વેબસાઈટ : **https://robinhoodarmy.com/**

**Annahin is Our food partner.**

---

# પશુપાલકોએ પોતાના પશુઓની નોંધણી કરાવવા કરાતી અપીલ



અભેસિંહ રાવલ દાહોદ

રાજય સરકારના પશુપાલન વિભાગ દ્વારા ગાય અને ભેંસની નોંધણી કરી તેનું આઈડેન્ટીફિકેશન કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. આઈડેન્ટીડિકેશન કર્યા બાદ ગાય અને ભેંસને તેના નંબર સાથે ટેગિંગ કરવામાં આવે છે. હાલમાં રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને તેના પશુઓના નિભાવ માટે સહાયની જાહેરાત કરી છે. તેનો લાભ લેવા માટે ઉક્ત પ્રકારના દૂધાળા પશુઓનું આઈડેન્ટીફિકેશન કરાવવું જરૂરી છે.

તેથી પશુપાલકો પોતાના ઓળખના આધારો સાથે નજીકના પશુ દવાખાનાનો સંપર્ક કરે તેમ નાયબ પશુપાલન નિયામકે જણાવ્યું છે. છેલ્લા લાઈવ સ્ટોક સેન્સસ પ્રમાણે દાહોદ જિલ્લામાં હાલે ૧૧ લાખ ગાય અને ભેંસ છે. તે પૈકી અત્યાર સુધીમાં ૬૦ હજાર જેટલી ગાયોભેંસોનું આઈડેન્ટીફિકેશન કરવામાં આવ્યું છે.

---

# ની:શબ્દ..

બદલાતા સમાજ સાથે સંસ્કારને કોઈ લેવા દેવા જ નથી..

આજની પેઢી બેશક સ્માર્ટ છે.. પણ ક્યાંક તે સંસ્કારને પર સ્વછંદતા ને કારણે પોતાના પરિવારને દાવ પર મૂકે છે.. નૈનૈષ અને માલતીને એકનો એક દિકરો ...કેતૂ ..

નાનપણમાં દાદાદાદીની આળપંપાળથી સ્વચ્છંદી તો ખરો પણ સારા ભણતર અભિમાની પણ બનાવ્યો..

કેતૂના પિતા નુ અવસાન થયુ.

કે તૂ એની આવડતને ખૂબ ભણ્યો પણ ગણ્યો નહી..

માલતી એકલી નાના શહેરમાં કે તૂ મોટા શહેરમા સારી જોબમાં સ્થિર બન્યો..

એક સુંદર છોકરી રોમા તેને ગમી ગઈ.. માલતીને કોઈ વાંધો ન હતો...

પરંતુ સમાજમાં બધાને સાથે રાખી તેને કેતનને પરણાવવી હતો..

પણ કેતનને નવા જમાનાની હવા લાગેલી એટલે મા કે પરિવારના બીજા સભ્યો કાકા ફોઈને માનતો જ ન હતો.

એને તો બસ રોમાને પરણવાની જીત હતી... અવારનવાર માલતીને કેતૂ આવે એટલે પોતાનુ રોદ્ર સ્વરૂપ માને બતાવતો..

કહેવાય છે છોકરો બગડે તો મા નો વાંક સત્ય પણ મા તો ક્યાંય ખોટા સંસ્કાર આપે?? બસ આ તો નવા જમાનાના સંતાનો કહેવાય.. એકવાર કેતૂ માલતી પાસે રજા હતી તો મળવા આવ્યો..

કાયમના રૂટીન પ્રમાણે નીઃ શબ્દ કે તૂ આવી એની રૂમમાં બારણા બંધ કરી સુઈ ગયો. સવારે માલતી રૂમનું બારણું ખખડાવતા..કેતુની જવાબ આવ્યો..બોલ શુ કામ છે?? એના આવા વર્તનથી મા ટેવાયેલી હતી..પણ મા તો મા છે..

બપોરે જમવા સમયે રૂમમાંથી કે તૂ બહાર આવી બોલવા લાગ્યો..

મમ્મી તને મારો વિચાર નથી..બસ લોકો સગા, તને મારાથી વધારે વ્હાલા છે...

માલતી પતિ વિના એકલી અને કે તેના આવા વર્તનથી સદૈવ દુ:ખની તો હતી..

પણ કેતનને પિતાની છત્રછાયા ન હતી એટલે માતાપિતા બસ એ પોતે જ હતી એટલે સહન કરતી હતી...

પણ આજ તો કેતુ એ હદ કરી રૂમનું બારણું ખોલી માલતીને સ્પસ્ટ શબ્દો માં જણાવ્યું.. જો મમ્મી મે તારી ઔપચારિક લાગણીના વેવલાવેડા પારખી લીધા છે..

તને મારી પરવા જ નથી તુ મારા અને રોમાના જીવનમા આડખીલી છે..

જા તને લોકો સાચવશે...ન ફાવતું હોય તો મારાથી જુદી રહે પણ હુ રોમાને જ પરણવાનો..

માલતી આ સાંભળીને નિ:શબ્દ.બની ગઈ ધરા જગ્યા આપે તો સમાઈ જવુ એવી પરિસ્થિતિ ઉભી થઈ..

અને કે તૂ બેગ લઈ બહાર નિકળી પડ્યો.. માલતીને પરવા પણ ન કરી..હુ જવ છું એવુ પણ ન બોલ્યો...

નિ:શબ્દ બનેલી માલતી જતા કેતુ ની પીઠ દેખાય ત્યાં સુધી જોતી રહી..

માલતી વિચારવા લાગી આવનાર પારકી કરતા તો દિકરો વધુ પારકો નિકળ્યો... વહુ આવતા પહેલાજ લીટી તાણી માને એની હદ મર્યાંદા બતાવી ગયો..

માલતી વિચારે છે ક્યાંક હું સંસ્કાર આપવામાં ઉણી ઉતરી હોવ તેમ લાગે છે..

આંગણાંની ચકલી માલતીની ઉદાસી ઓળખી ગઈ હોય તેમ ચીં ચીં કરી ઘરમા ઉડાઉડ કરવા લાગી...જાણે કહેતી હોય હું છુ ને તારી સાથે...

વિહંગ તો પાંખો આવતા ઉડી જ જવાના...

પરેશા ભટ્ટ

### બંધારણીય પદોનો દુરુપયોગ થઈ રહ્યો છે અને લોકશાહી ખતરામાં છે તે વાતને લઈ

# આજે ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજભવન ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું

ભારતના બંધારણના આમુખમાં ભારત એક લોકશાહી દેશ છે એટલે જ આપણા દેશમાં રાજશાહી, સરમુખત્યારશાહી કે સરકારી શાસન નહીં એવું સ્પષ્ટ બંધારણ સભાએ ઠરાવેલું છે. આ લોકશાહી વ્યવસ્થા ટકાવવામાટે બંધારણમાં વિભિન્ન જોગવાઈઓ રહેલી જ છે. આ જોગવાઈઓનું હનન થાય ત્યારે લોકશાહી ખતરામાં પડે છે.


રાજસ્થાન અને દેશભરમાં બંધારણીય પદોનો દુરુપયોગ કરીને કોંગ્રેસ પક્ષની સરકારને અસ્થિર કરવાના પ્રયત્નો સતત થતા રહે છે તેના વિરુદ્ધ દેશમાં તમામ રાજભવનો સામે કોંગ્રેસ પક્ષ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું જેના અનુસંધાને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમીત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી પરેશ ધાનાણીના નેતૃત્વમાં કોંગ્રેસ પક્ષ દ્વારા રાજભવનની સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જ્યાં પ્રેસ મિડિયાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "કેન્દ્રમાં સરકારમાં રહેલી ભાજપની સત્તાભૂખના કારણે વારંવાર દેશમાં લોકશાહીના મુલ્યો –સિદ્ધાંતોની હત્યા કરી સત્તા મેળવવાના પ્રયત્ન થયા છે. પહેલા મણીપુર, ગોવા, કર્ણાટક અને કોરોનાની કપરી પરિસ્થિતિમાં મધ્યપ્રદેશમાં ચૂંટાયેલી સરકારને તોડવાનું કામ ભાજપની કેન્દ્ર સરકારે કર્યું છે. આટલાથી ના અટકતા ગુજરાતની રાજ્યસભાની ચૂંટણીમાં પણ કરોડો રૂપિયા ખર્ચીને ભાજપ દ્વારા ધારાસભ્યોને ખરીદવામાં આવ્યા. ગુજરાતમાં પણ લોકશાહીની હત્યા કરવામાં આવી, જનાદેશનું અપમાન કરવામાં આવ્યું અને હવે તે જ પરંપરાને આગળ વધારતા ભાજપના નેતાઓ- શાસકો રાજસ્થાનમાં ચૂંટાયેલી કોંગ્રેસ પક્ષની સરકારને અસ્થિર કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

પક્ષાપક્ષીથી ઉપર રહી ભારતના બંધારણ મુજબ લોકશાહીના મુલ્યો અને પરંપરાની રક્ષા માટે કામ કરવાનું હોય તેવા બંધારણીય પદ પર બેઠેલા જવાબદાર લોકો પણ આજે કેન્દ્ર સરકારના આદેશો મુજબ તેમના દબાણ હેઠળ કામ કરી રહ્યા છે. રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી અશોક ગહેલોતે રાજસ્થાનના મહામહિમ રાજ્યપાલશ્રીની મુલાકાત કરી જણાવ્યું હતું કે રાજસ્થાનમાં કોરોનાની મહામારીથી અનેક પ્રશ્નો છે, લોકોને તકલીફો છે અને તે વિષયોની ચર્ચા કરવા માટે વિધાનસભાનું સત્ર બોલાવવાની મંજુરી આપવામાં આવે. ત્યારે રાજસ્થાનના મુખ્યમંત્રીની આ વાત સંભાળવામાં ના આવી, ત્યારબાદ ત્યાંની કેબિનેટ અને ધારાસભ્યોએ રજૂઆત કરી કે રાજસ્થાનની જનતાના પ્રશ્નોની ચર્ચા કરવા માટે વિધાનસભાનું સત્ર બોલાવવામાં આવે. બંધારણની જોગવાઈઓ અનુસાર રાજ્યના મુખ્યમંત્રીને કેબિનેટ ભલામણ કરે ત્યારબાદ મહામહીમશ્રીએ સત્ર બોલાવવાનું હોય છે તેમ છતાં રાજસ્થાનમાં કોના દબાણ હેઠળ રાજ્યપાલશ્રી કામ કરી રહ્યા છે? કોના ઈશારે કામ કરી રહ્યા છે? કોના લાભ માટે સરકારને અસ્થિર કરવાના પ્રયત્નો કરી રહ્યા છે? તેવા અનેક પ્રશ્ન દેશમાં ઉભા થયા છે. ત્યારે લોકશાહીને ખત્મ કરીને સરમુખત્યારશાહી તરફ આગળ લઈ જતા સત્તાભૂખી ભાજપના શાસન સામે લોકશાહી બચાવવાના નારાને લઈને રાજસ્થાનમાં જે રીતે લોકશાહીની હત્યા થઈ રહી છે, બંધારણીય પદોનો દુરુપયોગ થઈ રહ્યો છે અને લોકશાહી ખતરામાં છે તે વાતને લઈ આજે ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજભવન ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું..

(જયરાજસિંહ પરમાર)

### અરવલ્લીમાં ઘરે બેઠા વર્ચુયલ ક્લાસનો લાભ લેતા ૪૨૧૭ વિધાર્થીઓ

# શાળા બંધ છે શિક્ષણ નહિનું રચનાત્મક ઉદાહરણ પુરૂ પાડતી અરવલ્લી જિલ્લાની ૩૯૨ શાળાઓ




કોરોનાના મહામારીના કારણે વિધાર્થીઓ સમગ્ર રાજયમાં શાળાઓ બંધ કરવામાં આવી છે ત્યારે વિધાર્થીઓને ઘર આંગણે શિક્ષણ મળી રહે તે માટે ઇ-લર્નિગની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં અરવલ્લીની ૩૯૨ શાળાઓએ મોબાઈલના માધ્યમથી વર્ચુયલ ક્લાસનો આરંભ કરી રચનાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. અરવલ્લીમાં કોરોનાનો વ્યાપ વધતા કોરોનાનો આંક ૨૯૦ને પાર પંહોચી ગયો છે. જેમાં ગ્રામ્ય વિસ્તારનો પણ સમાવેશ થાય છે. જેને લઇ ગ્રામ્ય વિસ્તારમાં બંધ પ્રાથમિક શાળાના વિધાર્થીઓના શિક્ષણ કાર્યને માઠી અસર ન થાય તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા વિધાર્થીઓને ડી.ડી ગિરનાર અને વંદે ગુજરાત ચેનલ મારફતે હોમ લર્નિગનું આયોજન કરવામાં આવ્યું છે. તેની સાથે માઈક્રોસોફ્ટ ટીમ એપ દ્વારા એન્ડ્રોઇડ ફોન અને યુ-ટ્યુબના માધ્યમથી વિધાર્થીઓને ઘરે બેઠા નિયમિત અને નવનીત પ્રયત્નો થકી શિક્ષકો વિષય વસ્તુ નિરૂપણને રસપ્રદ બનાવી વિધાર્થીઓને શિક્ષણ આપી રહ્યા છે.

જેમાં અરવલ્લીના ભિલોડાના ૯૬ વર્ચુયલ ક્લાસ દ્વારા ૧૨૪૪ વિધાર્થીઓને, માલપુરના ૩૯ ક્લાસમાં ૨૬૯, મેઘરજમાં ૪૬ ક્લાસ દ્વારા ૪૪૯, મોડાસાના ૬૭ ક્લાસ દ્વારા ૬૦૮, બાયડના ૯૮ ક્લાસ દ્વારા ૯૯૨ અને ધનસુરાના ૪૬ ક્લાસ દ્વારા ૬૫૫ મળી સમગ્ર જિલ્લામાં ૩૯૨ વર્ચુયલ ક્લાસ દ્વારા ૧૨૪૪ વિધાર્થીઓને ઘરે બેઠા મોબાઈલના માધ્યમથી શિક્ષણ મળી રહ્યુ છે.

## સખી વનસ્ટોપ સેન્ટર દ્વારા વાંદરિયા ગામમાં મહિલાલક્ષી યોજનાની માહિતી અપાઇ



અભેસિંહ રાવલ દાહોદ

મહિલા અને બાળવિકાસ ગાંધીનગર દ્વારા શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત ×સખી× વન સ્ટોપ સેન્ટર દાહોદ ના કેન્દ્ર સંચાલક સંધ્યાબેનના માર્ગદર્શન હેઠળ વાંદરિયા ગામમાં જાહેર રસ્તાની દીવાલો પર કોરોના થી બચવા અંગેના સૂત્રો લખી ઘરે ઘરે જઈ બહેનો ને ×સખી× વન સ્ટોપ સેન્ટરની કામગીરી, ૧૮૧અભયમ હેલ્પ લાઈન, વહાલી દીકરી યોજના, વિધવા બહેનોને વિધવા સહાય વિશે ની માહિતી આપવામાં આવી તેમજ પેમ્ફલેટવિતરણ કરી ને પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. હાલ માં જે વિશ્વમાં કોરોનાની મહામારી ફેલાઇ રહી છે. તેનાથી કઈ રીતે સુરક્ષીત રહી શકાય તેની પણ જરૂરી માહિતી આપવામાં આવી હતી.

### સીએમ ના રાજકોટમાં ગોલમાલ?

## હવે રાજકોટની જનતાને ક્યા વિસ્તારમાં ક્યો પોઝીટીવ કેસ નોંધાયો એ જાણવા નહીં મળે

ઉદિત અગ્રવાલનો દલાતરવાડી નિર્ણય : રાજકોટવાસીઓ રામ ભરોસે : અંધેરી નગરી ગંડુ રાજા જેવો ઘાટ : પહેલા ઓછા ટેસ્ટ કર્યા અને રાજકોટવાસીઓ પર જોખમ વધારી દીધુ, પછી મોતના આંકડા છુપાવ્યા, પછી પોઝીટીવ કેસ છુપાવ્યા અને હવે તમામ હદો પાર કરી નામ-વિસ્તાર સાથેની પોઝીટીવ કેસની યાદી પણ બંધ : તમારી બાજુમાં પોઝીટીવ આવેલ કેસ બેઠો હોય અથવા બે દિવસ પહેલા મળેલ હોય તો પણ પ્રજાને ખબર ન પડે તે રીતે બધુ છુપાવવાનો ખેલ.સત્તા ના જોરે મનફાવે તેમ અધિકારીઓ રાજનકરી રહ્યા છે અને અભણ નેતાઓ ચૂપચાપ બધું જોયા કરે ...

કન્ટેનમેન્ટ એરીયા જણાવવાનું પણ બંધઃ ઈસ્ક્રની કોવિડ વેબસાઈટ ક્વોરન્ટાઈન : કોરોના



પોઝીટીવ કેસ વિશે કોઈએ કાંઈ નહી જાણવાનું જ નહિ?

નામ કે વિસ્તારની માહિતીથી લોકોને રીતસર ખબર પડતી કે તેઓ કોઈ પોઝીટીવના સંપર્કમાં આવ્યા છે કે નહી. અમદાવાદમાં જ્યારે ૨૫૦-૩૦૦ કેસ થતા ત્યારે પણ વિસ્તારવાઈઝ યાદી બહાર પડતી

પોતાની મનસુફી પ્રમાણે કામ કરનાર કમિશ્નરને હટાવી રાજકોટને બચાવવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તરફ રાજકોટવાસીઓની દર્દ ભરી અપીલ.

કોરોના સામેની લડાઈમાં રાજકોટના સૌથી નિષ્ફળ મ્યુ.કમિશ્નર ઉદિત અગ્રવાલના બેવકુફ અને મુર્ખામીભર્યા નિર્ણયથી શહેરીજનોમાં અજંપો

હજુ કેટલું છુપાવી પાપ કરશો ઉદિતજી ? કોરોના વળગે તેની રાહ જુવો છો ??

નકકર કાર્યવાહી કે આયોજનને બદલે એક ભિક્ષુક પાસે માસ્ક ન પહેરવાનો દંડ વસુલ કરનારને હવે રોજ નવા- નવા ગતકડા કરવામાં રસ છે.સરકાર ના નેતાઓને હજુ લાજ.શરમ.ઈજ્જત jevubkai હોય તો આં કમિશનર ને માનવતાવાદી બનવાની સલાહ આપે નહીતો પ્રજાને આખરે સુધારવા નો ઉપાય શોધવો પડશે....

## રોટરી કલબ - પાટણ દ્વારા તિરૂપતિ નગર ભાગ - ૨ માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




રોટરી ક્લબ- પાટણ દ્વારા તિરૂપતિ નગર ભાગ-૨ માં જુદા-જુદા કોમન પ્લોટમાં સાઈડ એરિયામા ૫૦ જેટલાં વૃક્ષો વાવીને ખાતર અને દવા સાથેની માવજત આપવામાં આવી .. પર્યાવરણ જતન - આબાદ વતનના સૂત્રને સાકાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પર્યાવરણ ના ઋણને અદા કરવા રોટરી કલબ - પાટણ પ્રમુખશ્રી રો. રણછોડભાઈ પટેલ, મંત્રીશ્રી તેમજ એક્સપરિમેન્ટલ હાઈસ્કૂલ ના શિક્ષક શ્રી રો.ઝેડ.એન.સોઢા, પ્રો.કો. ચે. ઘેમરભાઈ દેસાઈ, કો. ચો. રો. જયરામભાઇ પટેલ, રો. વિનોદભાઈ સુથાર, રો. વિષ્ણુભાઈ દેસાઈ, રો. રમેશભાઇ ઠક્કર, રો.મહેન્દ્રભાઈ પટેલ, રો. સુનિલભાઈ રાજપુરોહિત ઉપરાંત સોસાયટીના પ્રમુખશ્રી રમેશગીરી, શૈલેષ પટેલ, હરેશ પટેલ, ચંદુ ભાઈ, પ્રકાશ ભાઇ, અમૃતભાઈ, મંત્રી શંકરભાઈ ઉપસ્થિત રહ્યા હતા.....

## બોરીયાલા અને સહાળામાં ગ્રામ્યકક્ષાનાં વન મહોત્સવની ઉજવણી




અભેસિંહ રાવલ દાહોદ

સામાજિક વનીકરણ વિભાગ, દાહોદ દ્વારા ૭૧ વન મહોત્સવ ઉજવણી અંતર્ગત તારીખ ૨૫-૦૭-૨૦૨૦ ના રોજ ગરબાડા તાલુકાનાં બોરીયાલા અને સહાડા ગામે પ્લાન્ટેશનની કામગીરી ત્યાંનાં લોકો ને સાથે લઇ કરવા માં આવી રહી છે આ ક્રમ માં ગ્રામ બોરીયાલા અને સાહાળામાં ૧૦૦ થી વધુ છોડ રોપવાની કામગીરી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વન ખાતાથી શ્રી ભાવેશભાઈ, આચાર્યશ્રી આદિવાસી સેકેન્ડરી સ્કૂલ, બોરીયાલા યુવક મંડળ અને નેહરુ યુવા કેન્દ્ર ના રાષ્ટ્રીય સ્વયમ સેવક શ્રી વિનોદ પ્રજાપતિ, શ્રી કિશન બામણીયા પણ હાજર હતા.

## માંગરોળ તાલુકા ભાજપ ઉપ પ્રમુખ તરીકે શીલ ના યુવા આગેવાન શ્રી જીતેન જોષી

આજે જીલ્લા ભાજપ દવારા તાલુકા સંગઠન ની વરણી કરવામાં આવેલ હતી તેમાં માંગરોળ તાલુકા ભાજપના ઉપ પ્રમુખ તરીકે શીલ ના યુવા આગેવાન શ્રી જીતેન જોષી ની નિમણુંક થતા માંગરોળ તાલુકા તેમજ શીલ ગામમાં ખુશી નો માહોલ જોવા મળેલ છે જીતેનભાઈ છેલ્લા ઘણા સમય થયા ભારતીય જનતા પાર્ટી મા ખંત પુર્વક કામ કરી રહ્યા હતા. અને પાર્ટી એ એમની કામગીરી ની કદર કરી ને માંગરોળ તાલુકા ના ઉપ પ્રમુખ



નો હોદ્દો આપેલ છે. જીતેનભાઈ જીલ્લા ભાજપના પ્રમુખ શ્રી તેમજ સંગઠન ના બધા આગેવાનો અને કાર્યકરો નો આભાર માન્યો હતો. તેમજ આજક ગિરીનારાયણ બ્રહ્મસમાજ નું ગૌરવ વધારેલ છે

તસ્વીર - અહેવાલ
જીજ્ઞેશ પટેલ માણાવદર

## માણાવદર ના પૂર્વ સેક્રેટરી અને ઊમદા સાહિત્યકાર ની ૨૨ મી પુણ્યતિથિ

માણાવદર ના પૂર્વ સેક્રેટરી અને સાહિત્યકાર શ્રી વિનોદભાઈ એન. જોશી ની ૨૨ મી પુણ્યતિથિ તારીખ ૨૯/૭/૨૦૨૦ ના રોજ હોય માણાવદર ના સાહિત્ય પ્રેમીઓ અને સંગીત સાધકો દ્વારા સ્વ. વી. એન. જોશી દ્વારા સને ૧૯૯૨ મા સ્થાપના કરવામાં આવેલા શ્રી ભવાની સંગીત વિદ્યાલય ખાતે તેઓને શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવશે.

દર વર્ષે સ્વ. વી. એન. જોશી ની પુણ્યતિથિ નિમીતે શહેરના સ્થાનિક સંગીત કલાકારો અને સાહિત્ય પ્રેમીઓ દ્વારા એક ભવ્ય સંગીત સમારોહ નું આયોજન કરવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોના મહામારી અંતર્ગત સંગીત સમારોહ મુલતવી રાખેલ હોવાનું સ્વર્ગસ્થ ના પુત્ર વિજય વિનોદભાઈ જોશી દ્વારા જણાવવામાં આવ્યું



છે.

સ્વ. વિનોદભાઈ એન. જોશી એ માણાવદર નગર પાલિકાના સેક્રેટરી કાળ દરમ્યાન માણાવદરમાં અનેક વિકાસના કાર્યો કર્યા હતા અને માણાવદરે વિકાસ ના પથ પર હરણફાળ ભરી હતી. આ ઉપરાંત તેઓની સાહિત્ય યાત્રા પણ અવિરત ચાલુ રહેલી. તેઓની ×નયનતારા× ×કનકાવલી× ×સુનકાર× જેવી નવલકથાઓ તથા ×સંગીતા× ×મધુરી મહેફિલ×× અનિતા × જેવા ગઝલ સંગ્રહો પ્રસિદ્ધ થયેલા છે. આ ઉપરાંત તેઓના અવસાન બાદ ૧૮ વર્ષ પછી પ્રવિણ પ્રકાશન રાજકોટ દ્વારા તેઓને શ્રદ્ધાંજલિ રૂપે ×અંતર ની સરવાણી× ગઝલ સંગ્રહ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

સ્વ. વિનોદભાઈ જોશી દ્વારા શહેરમાં શ્રી ગાયત્રી પ્રજ્ઞાપીઠ મંદિર ની પણ સ્થાપના કરવામાં આવી હતી.

આવા વિનોદભાઈ જોશી નું આજથી ૨૨ વર્ષ પહેલાં તારીખ ૨૯/૭/૧૯૯૮ ના રોજ અવસાન થતાં માણાવદર નો ખરો સિતારો ખરી પડેલ.

શહેરના લોકો આજે પણ તેઓ એ કરેલા વિકાસ ના કાર્યોને અને તેઓના સાહિત્ય અને સંગીત પ્રેમ ને યાદ કરે છે.

તસ્વીર - અહેવાલ -
જીજ્ઞેશ પટેલ માણાવદર

## મેઘરજ તાલુકાના કંભરોડા ગામે ખેતીના પાકમાં દવાનો છંટકાવ કરવા માટે અનોખો નુસ્ખો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકા ના કંભરોડા ગામે ખેડુતે ખેતીના પાકમાં દવા છંટકાવ કરવા માટે દસ નોજર પાઈપ ઉપર ફીટ કરી બે પંપ વડે એક સાથે ખેતીમાં દસ જેટલા ચાસમાં એકસાથે દવાનો છંટકાવ થતાં આ નવા નુસ્ખા ને જોઇ ખેડુતો માં આનંદ છવાયોછે



કંભરોડા ગામે ચૌહાણ લાલસિહ જુજારસિહ એ ચોમાસુ મગફળી ના પાકમાં નિંદણ નાશક દવાનો છંટકા કરવા માટે એક અનોખો નુસ્ખો અપનાવ્યોછે જેમાં બે દવા છાંટવાના પંપમાં ડબલ પ્રેસર મોટરો નાખી અને એલ્યુમીનીયમ ની પંદર ફુટ લાંબી પાઈપ ઉપર દસ જેટલી નોજર સેટ કરીને ગણા ઓછા ખર્ચમાં એક સાથે દસ જેટલા કોઈપણ પાક ના ચાસ ઉપર ફુલ પ્રેસર થી દવાનો છંટકાવ થઈ શકે તેવી નોજર પાઈપ બનાવતાં જે ખેતર માં આખો દીવસ દવાનો છંટકાવ કરવામાં સમય જતો હોયછે તે માત્ર બે થી અઢી કલ્લાક માં દવાનો છંટકાવ થઈરહ્યોછે સાથે સાથે ખેડુત નો સમય તેમજ દવા બન્ને ની બચત થાયછે આ ખેડુત ના અનોખા અને ઓછા ખર્ચ વાળા નુસ્ખા ને જોઇ હવે આ ડબલ પંપ ની પાઈપ ખેડુતો ઘરે ઘરે બનાવ્યા લાગ્યા છે



આજ રોજ ખોખરા પોલીસ સ્ટેશન માં વૃક્ષારોપણ નો કાર્યક્રમ રાખેલ હતો, અને **P.I** અને **PSI** સાહેબોને **covid-19** ની મહામારીમાં તેમણે જે સેવાઓ આપી છે તે બદલ **ABMNS team** દ્વારા તેઓને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ટેરેન્સ મેકવાન
પ્રવક્તા - અમદાવાદ શહેર
અખિલ ભારતીય માનવ અધિકાર નિગરાની સમિતિ




**V. H. P. કાર્યાલય રામ મંદિર ના ખાત પૂજન માટે ૯૧૨-સ્થળ ની માટી પૂજન**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.